॥ શ્રી [illegible] ॥

મંજરી.

(સરલ ગુજરાતી ભાષાર્થ દિપિકા)

[illegible]

આવૃત્તિ ચોથી. પ્રત ૨૦૦૦.

કિંમત ૦-૮-૦

[illegible]

શાહ [illegible]

[illegible]—અમદાવાદ.

॥ ॐ श्री तत्सत् ॥

નઝીર

(સરળ ગુજરાતિ ભાવાર્થ દિપિકા).

—સ્પર્શકાન્ત, કબીર, કિર્ત્તન ચંદ્રોદય, નરસિંહ મેહેતા, શૈલમાળા,—
—રજનીચંદ્ર, ધારાવતિ વીગેરે સુપ્રસિદ્ધ ગ્રંથો નોવેલો અને—
—નાટકોના લખનાર, સંશોધક અને ટીકાકાર—

સાહિત્ય અને સંગિત કલાધર,

કવિ ભીમરાવ માધવલાલ યોધ.

અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર,

શાહ રણછોડલાલ મોતીલાલ.

બુકસેલર—અમદાવાદ.

આવૃત્તિ પેહેલી. પ્રત ૧૦૦૦.

સને ૧૯૧૪. સંવત ૧૯૭૧.

કીંમત ૧—૦—૦.

શ્રી " રામકૃષ્ણ " પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લભદાસે છાપ્યું. ઠે. કાળુપુર ટંકશાળની પોળ—અમદાવાદ.

પ્રસ્તાવના.

આ ગ્રંથમાં નઝીર કવિની અમુલ્ય વાણી છે. ભાષા ઉર્દુ હોવાથી માત્ર સહજ સર્વને તેનો સરળ અર્થ સમજાય તેવી ગુજરાતી ભાષામાં ટીકા કરી છે. આ નઝીર એક પ્રથમ દરજ્જાના ફકીર અને કવિશિષ્ઠશિરોમણી હતા; અને આગરા કે જેને અકબરાબાદ કહે છે ત્યાં નિવાસ કરતા હતા. તેમની બનાવેલી એવી એવી ઉતમ કવિતાઓ છે કે હિંદુ વા મુસલમાન કોઇ પણ માણસ તેને ફકત એકવાર વાંચેતો તરત તેને અસર કર્યા વિના રહે નહિ. તે કવિતાઓ વાંચ્યા પછી માણસને પોતાનું વર્તન સુધારવા તરફ, પોતાનું શી રીતે કલ્યાણ થાય તેમ છે તેના સાધનો મેળવવાનો પ્રયત્ન કરવા તરફ, અને આ દુનિયાના ઝઘડા બખેડાથી મુકત થઇ, એક પરમાત્મા તરફ સત્વર લક્ષ લગાડવાની વૃત્તિ થાય છે. અને પ્રાણી તેમ કરે છે તો તે તેના હૃદયમાં શાંતીનો અનુભવ કરે છે. કેટલાક લેખકો અને કવિઓએ આ મહાત્મા કવિ નઝીરની કેટલીક કવિતાઓ દષ્ટાંત તરીકે પોતાના ગ્રંથમાં લઇ પ્રકટ કરી છે પણ તે કવિતાઓ સંપુર્ણ આપેલી જણાતી નથી. મને જેટલી જેટલી આ કવિની ઉત્તમ કવિતાઓ સંપુર્ણ અને પુરી હાથ લાગી છે તેટલી તેટલી લખી લઇ સંગ્રહ કરી રાખેલી તેને આ ગ્રંથમાં આપી તેનો સરલ અર્થ સમજાય તેવી ટીકા કરી, સર્વ જનસમાજને સરખો લાભ મળે તેવા ઉદ્દેશથી પ્રકટ કરી છે. આ ગ્રંથમાં પ્રકટ કરેલી કેટલીક કવિતાઓ કેટલાક સાધુ–ફકિરો ટેલ નાંખતાં બોલે છે અને તેથી તેઓ પોતાનું રૂડી રીતે પોષણ કરે છે;

કારણ કે આ કવિની કવિતાઓ ચાબકા રૂપ, અતિ ઉત્તમ, રસિક, ઝડ-ઝમક અને અર્થગાંભિર્યવાળી તેમજ ચિત્તાકર્ષક છે; જેથી તેના શ્રવણ પડતાંની સાથે લોકોને પ્રિય અને માન્ય એવી તો થઈ પડે છે કે તરત તે સાધુ-ફકિરોને માણસો અન ધન વસ્ત્ર ઇત્યાદિ આપવામાં જરા પણ વાર કરતા નથી. આ પ્રમાણે જન સમાજમાં અતિ લોકપ્રિય અને કેવળ પ્રાસાદિક દેવવાણી જેવી આ કવિની વાણીની તુલના થવાથી તેને ગ્રંથના રૂપમાં ટીકા સાથે પ્રકટ કરવામાં આવેથી તેનો બોહોળો ફેલાવો થવાનો સંભવ સમજી આ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે; માટે આશા છે કે ભૂલચુકની ક્ષમા પૂર્વક સર્વ કોઇ તેનો સ્વિકાર કરશે.

લિ. સંશોધક અને ટીકાકાર

કવિ ભીમરાવ માધવલાલ. અમદાવાદ.

॥ ॐ श्री तत्सत् ॥

નઝીર.

(સરળ ગુજરાતી ભાવાર્થ સાથે.)

ખુશામદ.

(ગજલ, લાવણી, કવાલી, બેત, શેર, આખ્યાત સર્વેમાં ગવાશે.)

દિલ ખુશામદસે હરએક શખ્સકા કયા રાઝી હય
આદમી જીન પરી ઔર ભૂત બલા રાઝી હય
ભાઇ ફરઝંદ ભી ખુશ બાપ ચચા રાઝી હય
શાહ મસરૂર ગની શાહો ગદા રાઝી હય
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચ તો યહ હય કે ખુશામદસે ખુદા રાઝી હય. ૧

શુશ્રુતા-ખુશામત. ૧

૧. દરેક માણસનું દીલ ખુશામતથી અત્યંત ખુશી થાય છે. પછી તે મનુષ્ય હોય, જીન હોય, પરિ હોય, ભુત હોય કે બલા હોય, ભાઇ હોય બાપ હોય કાકો હોય કે પુત્ર હોય, રાજા હોય રૈયત હોય ગુણી હોય કે મૂર્ખ હોય, પણ જે ખુશામત કરે, તેનાથી આખું જગત રાજી રહે છે. તાત્પર્ય એટલુંજ કે ખુશામતથી પરમેશ્વર પણ રાજી થાય છે.

અપના મતલબ હોતો મતલબકી ખુશામદ કીજે
ઔર નહિ કામતો ઉસ ઢબકી ખુશામદ કીજે
ઔલિયા અમ્બિયા ઔર રબકી ખુશામદ કીજે
અપને મકદુર ગરઝ સબકી ખુશામદ કીજે
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યે હય કે ખુશામદસેં ખુદા રાઝી હય. ૨

ચાર દીન જીસકો ખુશામદસેં કિયા ઝુકકે સલામ
વહુ ભી ખુશ હો ગયા અપનાભી હુવા કામસે કામ
બડે આકિલ બડે દાનાને નીકાલા હય યહ દામ
ખુબ દેખાતો ખુશામદહી કી આમદ હય તમામ
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય

---

૨. જો આપણો મતલબ સધાતો હોયતો તે મતલબની ખુશામત કરવી જરૂરની છે. જેવો અર્થ સધાતો હોય. જેવી ઢબનું કામ હોય તેવા અર્થની અને તેવા કામની ખુશામત કરવી. ઓલીયા પુરૂષોની અને સાક્ષાત પરમાત્માની પણ મતલબ સધાતો હોયતો ખુશામત કરવી જરૂરની છે.

☛ નઝીરના કાવ્યોમાંથી ચુંટી કાઢેલા કાવ્યો આ ગ્રંથમાં આપી તેની સરળ અને સમજાય તેવી ગુજરાતીમાં ટીકા આપવામાં આવી છે. જોકે તે કવિતાઓના શબ્દે શબ્દનો અર્થ નથી કર્યો તોપણ સરળ અને ટુંકાણમાં તેની લીટીઓના અર્થની યથાસ્થિત મતલબ આપવામાં આવી છે જે વાંચવાથી સ્પષ્ટ થશે.

સચતો યે હય કે ખુશામદસેં ખુદા રાઝી હય. ૩
ખ્યારસે જોડ દીયે જીસકી તરફ હાથ જો આહ
વહી ખુશ હો ગયા કરતેહી વહ હાથોપેં નીગાહ
ગૌરસે હમને હય ઇસ બાતકો દેખા વલ્લાહ
કી ખુશામદસે મિલો લોગોકી હય ઇઝઝ બજાહ
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યે હય કે ખુશામદસેં ખુદા રાઝી હય. ૪
અએશ કરતે હય વહી જીનકા ખુશામદકા મિજાઝ
જો નહિં કરતે હય વહ રહતે હય હમેશાં મોહતાજ

---

૩. જો એક ચાર દીવસ કોઇને ખુશામતની સાથે જરા નીચા નમીને સલામ કરીયે તો તે સત્વર ખુશ થઇ આપણું કામ કરી આપશે. ખુશામત એ એક લક્ષ્મી કરતાં પણ અધીક છે એમ બુદ્ધિમાન અને દાના પુરૂષોનું કહેવું છે. માટે જ્યાં જોઇયે ત્યાં ખુશામત એ એક આમદ રૂપ છે માટે જેણે ખુશામત કરી તેનાથી આખુ જગત ખુશ રહે છે અને ખરી રીતે જોઇએતો ખુશામતથી એક વખતે સાક્ષાત ઇશ્વિર પણ આધીન રહે છે.

૪. પ્રેમપૂર્વક જેની સમક્ષ ખુશામતથી તમે બે હાથ જોડયા તો જાણુજો કે તે હાથ ઉપર તેની દ્દષ્ટિ પડતાંની વારમાં તે ખુશ થઇ જશે. મુરશદ નઝીર કહેછે કે મેં વિચાર કરીને જોયુંતો નકકી જણાયું કે ખુશામતથી પૈસો, ખુશામતથી આબરૂ, અને ખુશામતથી માન વધે છે. માટે ખુશામત કરવાથી આખુ જગતતો શું પણ બલ્કે પરમેશ્વર પણ રાજી રહે છે.

હાથે આતા હય ખુશામદસે મકાં મુલ્ક ઐાં તાઞ
ક્યાહી તાસીરકી ઇસ નુસ્ખેને પાઇ હય રવાઞ
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યહ હય કી ખુશામદસેં ખુદા રાઝી હય. ૫

ખુબ દેખા તો ખુશામદકી બડી ખેતી હય
ગૈર ક્યા અપનેહી ઘરબીચ યહ સુખ દેતી હય
મા ખુશામદકી સબબ છાતી લગા લેતી હય
નાની દાદી ભી ખુશામદસે દુઆ દેતી હય
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યહ હયકે ખુશામદસે ખુદા રાઝી હય. ૬

બીબી કહતી હય મિંયા તેરે મંયે સદકે જાઉં
સાસ બોલે કહીં મત જા તેરે સદકે જાઉં

---

૫. જેને ખુશામત કરતાં આવડે છે તેઓ મઝા કરે છે અને જેને ખુશામત કરતાં નથી આવડતી તેઓ બીચારા મોહતાજ અર્થાત ઓશીયાળી જીંદગી ભોગવે છે. ઘરબાર વાડી વજીફા મુલ્ક અને મુકુટપણુ ખુશામતથી પમાય છે. એ પ્રકારની ખુશામતમાં કરામત છે. માટે જે ખુશામત કરે છે તેનાથી આખુ જગતતો શું બલ્કે ઇશ્વર પણ રાજી રહે છે.

૬. જ્યાં જોઇએ ત્યાં ખુશામતની ખેતી થાય છે. પરાયે સ્થળે એટલુંજ નહિં પણ પોતાના ઘરમાં પણ તે અત્યંત સુખ આપે છે. દીકરામાં ખુશામત હોય તો માપણુ તેને વહાલ કરી છાતી સરસો ચાંપે છે. દાદી વડીઆઈ વીગેરે પણ ખુશામતથી આશીષ આપે છે.

ખાલા કહતી હય કુછ ખા તેરે સદકે જાઉં
સાલી કહતી હય કી ભૈયા તેરે સદકે જાઉં
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યહ હયકે ખુશામદસેં ખુદા રાઝી હય. ૭

આપડા હય જો ખુશામદસે સરોકાર ઉસે
ઢુંઢતે ફિરતે હય ઉલ્ફતકે ખરીદાર ઉસે
આશના મિલતે હય ઔર ચાહે હય સબ યાર ઉસે
અપને બેગાને ગરઝ કરતે હય સબ પ્યાર ઉસે
જો ખુશામદ કરે ખલ્ક ઉસ્સે સદા રાઝી હય
સચતો યહ હયકે ખુશામદસેં ખુદા રાઝી હય. ૮

રૂખી ઔ રોગની આબીકી ખુશામદ કીજે
નાનબાઇ ઔર કબાબીકી ખુશામદ કીજે
સાકી ઔ જામ શરાબીકી ખુશામદ કીજે
પારસા રિન્દ ખરાબીકી ખુશામદ કીજે

---

૭. ઘરની સ્ત્રી પણ ખુશામત કરતાં આવડે તો પતિના ઓવારણાં લે છે. ઓ સાસુ પણ જમાઈ ઉપર ખુશામતથી પ્રાણ વારી નાંખે છે. માસી પણ ખુશામતથી આમદ પુર્વક જમાડે છે ઓ સાળી પણ ભાઈ ભાઈ કરી ખુશામતથી રાજી રાજી રહે છે.

૮. જેને ખુશામત પુરેપુરી આવડે છે તેને ચાહનારા આ જગતમાં ઘણા મળી આવે છે. રાખેલી સ્ત્રીને પણ જો ખુશામત આવડે છે તો તેનાપર તેનો યાર ખુશી રહે છે.

જો ખુશામદ કરે ખલ્ક ઉસે સદા રાઝી હય
સચતો યહ હય કે ખુશામદ ખુદા રાઝી હય ૯
મર્દોઝન તિફ્લો જેવાં ખુર્દો લાં પીરો ફકીર
જીતને આલમમેં હય સુલ્તાનો ગદાશાહો વઝીર
સબકે દીલ હોતે હય ફન્દેમેં ખુશામદ કે અસીર
તૂ બડી બાત યહ કહતા હયગા વલ્લાહ નઝીર
જો ખુશામદ કરે ખલ્ક ઉસસે સદા રાઝી હય
સચતો યહ હય કે ખુશામદસે ખુદા રાઝી હય. ૧૦

मुफ़्लिसि. २

જબ આદમીકે હાલ પે આતી હય મુફ્લિસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફ્લિસી
પ્યાસા તમામ રોઝ બિઠાતી હય મુફ્લિસી

---

૯. નીરોગી કે રોગીની, વ્યસની અને નિર્વ્યસનીની, સારા અને નરતાની તમામની ખુશામત કરવી; કારણ કે ખુશામતથી આખું જગત ખુશી રહે છે અને પરમેશ્વર પણ ખુશી રહે છે.

૧૦. આખી દુનીયામાં જેટલા પીર, ફકીર, કગાવાન, દીવાન વીગેરે તમામના મનમાં ખુશામતની કારમી અસર થાય છે, કે જેને માટે નઝીર મહાત્મા સત્ય કહે છે કે ખુશામત કરે છે તેનાથી આખુ જગત અને બલ્કે પરમેશ્વર પણ રાજી થાય છે.

ભુખા તમામ રાત સુલાતી હય મુફિલસી
યહ દુખ વહ જાને જીસ્પે કિ આતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૧

કહીયે તો અબ હકીમકો સબસે બડા હય શાન
તાઝીમ જીસકી કરતે હય નૌબાબ ઔર ખાન
મુફિલસ હુએ તો હઝરતે લુકમાન ક્યા હય યાન્
ઈસા ભી હો તો કોઇ નહી પૂછતા મિયાં
હિકમત હકીમકી ભી ડુબાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૨

જો અહલે ફઝલ આલિમો ફાઝીલ કહાતે હય
મુફિલસ હુએતો કલ્મઃતલક ભુલ જાતે હય
પુછે કોઈ અલીફ્તો ઉસ્સે બે બતાતે હય

નિર્ધનાવસ્થા—ગરીબી—૨

૧. જ્યારે આદમીનામાં નિર્ધનતા આવી જાય છે ત્યારે તે નિર્ધનતા તેને કેવી રીતે સતાવે છે તે કહી શકાતું નથી, નિર્ધનતા ભૂખ્યો તરસ્યો તેને બેસાડી મુકે છે માટે જેને વીતે છે તેજ જાણે છે કે ગરીબીથી કેવા પ્રકારે આદમી પીડાય છે.

૨. જે વૈદ્યને લોકો કહે છે કે ઘણો હુશીયાર છે અને જેથી નવાબો વીગેરે તેને સલામો ભરે છે પણ જ્યાં નિર્ધનતા પ્રાપ્ત થઈ કે પછી તેને કોઇ પુછતું નથી અને તેની સઘળી વૈદકની હીકમત ધુળમાં મળી જાય છે.

વહુજો ગરીબં શુરબે કે લડકે પઢાતે હય
ઉનકી તો ઉમ્રભર નહીં જાતી હય મુફ્લિસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફ્લિસી. ૩

મુફ્લિસ કહે જો આનકે મજલિસકે બીચ હાલ
સબજાને રોટીયોંકા યહ ડાલા હે ઇસને જાલ
ગર ગિર પડે તો કોઇ ન લેવે ઉસ્સે સંભાલ
મુફ્લિસ મેં હોવે લાખ અગર ઇલ્મ ઔર કમાલ
સબ ખાક બિચ આકે મિલાતી હય મુફ્લિસી
કીસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફ્લિસી. ૪

જબ રોટીયોંકે બટનેકા, આકર પડે શુમાર
મુફ્લિસકો દેવે એક, તવંગરકો ચાર ચાર
ગર ઔર માંગે વહતો ઝીડકતેં હય બાર બાર
ઇસ મુફ્લિસીકા આહ બયાં કયા કરૂં મેં યાર
મુફ્લિસકી ઉસ જગહભી ચપાતી હય મુફ્લિસી

---

૩. મોટા મોટા કવિઓ પંડીતો કહેવાય છે તે પણ નિર્ધન બનતાં પોતાની સઘળી વિદ્વતા ભુલી જાય છે કોઇ (અલેફ) એક પુછે છે તો (બે) બીજું બતાવે છે; ગરીબોના છોકરાં ભણાવે છે અને આખી ઉમરભર તેમની નિર્ધનતા જતી નથી.

૪. સભાના વચમાં નિર્ધન માણસ જાય તો તેને કોઇ માન આપતું નથી. માટે નિર્ધન માણસમાં કદીને લાખો હુનર હોય તોપણ તે સઘળા રદ સમજવા.

કિસકિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૫

મુફિલસકી કુછનઝર નહિં રહતી હૈ આનપર
દેતા હૈ અપની જાન વહ એક એક નાનપર
હર આન ટૂટ પડતા હૈ રોટીકે ખ્વાનપરં
જીસ તરેહ કુત્તે લડતે હૈં ઇક ઉસ્ત ખ્વાનપરં
વૈસાહી મુફિલસોં કો લડાતી હૈ મુફિલસી
કિસકિસ તરેહસેં ઉસકો સતાતી હૈ મુફિલસી ૬

---

૫. નઝીર મુરશદ કહે છે કે જ્યારે પોતાને ઘેર રોટી અર્થાત રોટલા વેહેંચવાનો વખત આવે છે ત્યારે બીચારા નિર્ધન કંગાલ અને મુફલીસને એક રોટલો મળે છે અને પોસાતા મનુષ્યને ચાર ચાર મળે છે. પેલો પોસાતો મનુષ્ય બીજીવાર બીજો વેશ ધારણ કરી ઠગી બીજા રોટલા લઇ જાય તો તેને મળે છે અને ગરીબનો કોઇ ભાવ પણ પુછતું નથી પેલો બીચારો ગરીબ-મુફલીસ-કંગાલ-ફરિ માગવા જાય છે તો રોટલાનો આપનાર તેની ધુળ કાઢી નાંખે છે. એવી આ મુફિલસી-નિર્ધનાવસ્થા છે કે જેનું વર્ણન થઇ શકે એમ નથી. છેવટે તે નિર્ધનની રોટલા માગવાની જગો પણ જતી રહે છે એ પ્રમાણે મુફિલસને અર્થાત નિર્ધનને નિર્ધનાવસ્થા ત્રાસ આપનારી છે.

૬. નિર્ધનોની કોઈ ચીજપર નજર રેહતી નથી. નિર્ધનો એક રોટલાને માટે પોતાનો પ્રાણ અર્પે છે. નિર્ધનો ખાવાને માટે તુટી પડે છે અને તે એવા કે જાણે રોટલાને માટે કુતરાં લડતાં હોય તેમ લડી મરે છે. આ પ્રમાણે નિર્ધનાવસ્થા નિર્ધન લોકોને લડાવે છે એવી નિર્ધનાવસ્થા સતાવનારી છે.

કરતા નહિં હયાસે જો કોઇ વહ કામ આહ
મુફલસ કરે હૈ ઉસકે લઇ ઇન્સરામ આહ
સમજે ન કુછ હલાલ ન જાને હરામ આહ
કહતે હૈ જીસકો શર્મો હયા નંગોનામ આહ
વહ સબ હયા વ શર્મ ઉડાતી હૈ મુફિલસી
કિસકિસ તરહસેં ઉસકો સતાતી હૈ મુફિલસી ૭

યહ મુફિલસી વહ શૈ હૈ કિ જીસ ઘરમેં ભરગઇ
સબ ચીઝ કે યહ મીલને કો મુહતાજ કરગઈ
ઞન બચ્ચે રોતે હૈં ગોયા નાની ગુઝર ગઇ
હમસાયા પૂછતે હૈ કિ કયા દાદી મરગઈ
બિન મુરદે ઘરમેં શોર મચાતી હૈ મુફિલસી
કિસકિસ તરહસેં ઉસકો સતાતી હૈ મુફિલસી ૮

---

૭. કોઈ વીવેક પૂર્વક કામ કરી શકતું નથી. નિર્ધનાવસ્થાથી માણસ હલાલનું કે હરામનું કંઇ સમજતો નથી. શરમ આબરૂ વિવેક વીગેરે સઘળુ નિર્ધન અવસ્થાથી જતું રહે છે એવી નિર્ધનાવસ્થા લાજ આબરૂ પણ મુકાવનારી અને દરેક રીતે મનુષ્યને ત્રાસ આપનારી છે.

૮. જેના ઘરમાં નિર્ધનાવસ્થા ભરાઈ ગઇ તેને કોઇ ચીજ મળી શકવી મહા દુર્લભ છે. બચ્ચા બાલાં ઘરમાં રોતાં હોય છે. અને કોઇ પુછે છે કે ભાઈ કોણ તમારી દાદી ગુજરીગયાં જો કે કોઇ મરી ગયું હોતું નથી પણ નિર્ધન અવસ્થા ઘરમાં મુડદુ પડયું હોય અને જેવો શોરબકોર મચી રહે છે તેવો શોરબકોર મચાવી મુકે છે એવી તે ખરાબ છે.

લાઝિમ હૈ ગર ગમીમેં કોઈ શોરોગુલ મચાય
મુફ્લિસ બગૈર ગમ કેહી કરતા હૈ હાય હાય
મરજાયગર કોઈ તો કહાંસે ઉસે ઉઠાય
ઇસ મુફ્લિસીકી ખ્વારીયાં કયા કયા કહું મૈં હાય
મુર્દેકો બિન કફન કે ઘિરાતી હૈ મુફ્લિસી
કિસકિસ તરહસે ઉસકો સતાતી હૈ મુફ્લિસી ૯

કયા કયા મૈં મુફ્લિસીકી કહું ખ્વારી ફકડિયાં
ઝાડુ બગૈર ઘરમેં બિખરતી હૈ ઝકડીયાં
કોનેમેં જાલે લેતે હૈ છપ્પરમેં મકડીયાં
પૈદા ન હોવે જીનકે જલાનેકો લકડીયાં
દરિયામેં ઉનકે મુરદે બહાતી હૈ મુફ્લિસી
કિસકિસ તરહસે ઉસકો સતાતી હૈ મુફ્લિસી ૧૦

---

૯. કોઇ મરી ગયું હોય અને તેથી શોકને લીધે કોઇ રડારોળ કરી મુકે તેવી રીતે નિર્ધનાવસ્થાવાળા પુરૂષના ઘરમાં શોક પ્રસરી રહે છે. જો ઘરમાં કોઈ મરી જાય તો કહે છે કે પૈસા વગર શી રાતે તેને ઉઠાવી દફનાવા લઇજવો આ પ્રમાણે નિર્ધનાવસ્થા માણુસની કેટલી ખુવારી કરી મુકે છે તેનું મહાત્મા નઝીર કવિ કહે છે કે હું શું વર્ણન કરૂં ? ટુંકામાં એટલું કે નિર્ધનાવસ્થા માણુસને હરેક પ્રકારે સતાવનારી છે.

૧૦. નિર્ધનાવસ્થાથી કેવી કેવી ખુવારી થાય છે તે હું શું કહું કારણકે તેના વર્ણનનો પારજ નથી. ઘરમાં સાવરણી સરખી પણ હોતી નથી ઘરમાં પુંજો એમને એમ પડયો રહે છે. ખૂણામાં બા-

બીબીકી નથ ન લડકોં કે હાથોં, કડે રહે
કપડે મિંયા કે બનિયે કે ઘરમેં અડે રહે
જબ કડીયાં બિક થઇ તો ખંડરમેં પડે રહે
ઝંઝીર ન કેવાડ ન ચક્કર કડે રહે
આખિરકો ઈંટ ઇંટ ખુદાતી હૈ મુફ્લિસી
કિસકિસ તરહસેં ઉસકો સતાતી હૈ મુફ્લિસી ૧૧

નક્કાશ પરભી ઝોર જબ આ મુફ્લિસી ગિરે
સબરંગ હમમેં કરદે મુસોઅર કે ફિર ફિરે
સૂરતભી ઉસકી દેખકે મું હ ખીંચના પરે
તસ્વીર આર નકશેમેં કયાં રંગ વહ ભરે
ઉસકે તો મુંહકા રંગ ઉડાતી હૈ મુફ્લિસી

ઉઆં, જાળાં બાઝેલાં રહે છે અને છાપરામાં ચાંબાચીડીયા નિવાસ કરી રહે છે. મુડદા માટે લાકડાં પણ મળતા નથી આખરે નિર્ધનના ઘરના મુડદા દરિયામાં વહેવરાવવાં પડે છે. એવી નિર્ધનાવસ્થા ત્રાસ આપનારી છે.

૧૧. ઘરમાં સ્ત્રીને નાકે નથની કે છોકરાને હાથે કડાં પણ હોતાં નથી; અને ભાઈના કપડાં વાણીયાને ઘેર ઘરેણે મુકેલાં હોય છે. ઘરની ઝુંપડી વેચાઇ જાય છે તો ખંડેરમાં જઇને તે નિર્ધન મનુષ્ય પડયાં રહે છે કારણ કે કમાડ સાંકળ કે કશું તેનુ રેહેતું નથી બધું વેચાઇ જાય છે છેવટે નિર્ધનાવસ્થા ઘરની એકે એક ઇંટ ખોદાવી નાંખે છે એવી ત્રાસદાયક છે.

કિસકિસ તરહસેં ઉસકો સતાતી હૃ મુફિલસી ૧૨
જબ ખૂબરૂ પે આનકે પડતા હૈ દિન સિયાહ
ફિરતા હય દરબદર વ હરેઈકકે ખ્વ મખ્વાહ
હર્ગિઝ કિસીકે દીલકો નહી હોતી ઉસ્ક ચાહ
અગર હુસ્ન હો હઝાર રૂપીકા તો ઉસ્કી આહ
કયા કૌડીયોંકે મોલ બીકાતી હય મુફિલસી
કિસકિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી. ૧૩

---

૧૨. ગમેતેવા તેજસ્વી અને પવિત્ર પુરૂષ ઉપર જ્યારે નિર્ધનતાનું દુખ આવી પડે છે ત્યારે બધું તેજ, બધી પવિત્રાઇ, કાણ જાણે કયાં જતી રહે છે, અને નાકમાં દમ લાવી મુકે છે. એની સુરત અર્થાત મુખની કાન્તી પણ એવી થઈ જાય છે કે તેના મ્હોં સાંમું પણ કોઇને જોવું ગમતું નથી. મ્હો ઉપરથી રંગ ઉડી જઈ તેની છબી ફીકી થઈ જાય છે એ પ્રમાણે નિર્ધનાવસ્થા માણુસના મુખપરની ઉજાશ ઉડાડી મુકે છે એવી તે ત્રાસ આપનારી છે.

૧૩. જ્યારે અપવાસ ફાકો કે લાંઘણ થવાથી મ્હો વીલું થઈ જાય છે છતાં પણ જે માણુસ ફકીર થઇને ઘેર ઘેર દરરોજ ફરે છે યદ્યપિ તેના તરફ કોઇની ચાહનાજ થતી નથી. પછી ભલે તેનામાં અનેક પ્રકારે ગોરવ હોય તોપણ તેને માટે વાહવાહ કોઇ બોલતું નથી; કારણકે નિર્ધનાવસ્થાથી તેની કે તેના ગોરવની એક કોડીની પણ કીમત નથી એટલે તે ટકે ટકે બલ્કે તેથી પણ ઓછી કીમતે વેચાય છે. તે કેવળ પાણીના મુલે વેચાય છે. માટે મુફલીસી શી રીતે આદમીને સતાવે છે તેનું વર્ણન થઇ શકતુંજ નથી.

ઉસ ખુબરૂકો કૌન દે અબ દામ ઔ દીરમ
હોવે જો કૌડી કૌડી પે રાઝી વહ દમબદમ
કોઇભી ઉસપે કરતા નહિ હય ઝરા રહમ
કયોં કર ન જીકો ઉસ ચમને હુસ્નકો હો ગમ
જીસકી બહાર મુફત લુટાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૧૪
આશકકે હાલ પરભી જબ આ મુફિલસી પરે
માશુક ઉસકે દુખકો ન દિલમેં ઝરા ધરે
આવે જો ઉસકે પાસતો વહ દેખી જર મરે
ઇસ ડરસે યાની મુજસે ન યહ કુછ તલબ કરે
તુહમત યહ આશકોંકો લગાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી. ૧૫

---

૧૪. જે માણસનો શ્વાસ પ્રશ્વાસ કોડી ઉપર રાજી છે એવો નિર્ધન કદાચ ઘણો ખુબસુરત અને તેજસ્વી હોય છતાં પણ કોઇ તેનાપર અભિદૃષ્ટિથી જોતું નથી; એટલે તેને પોતાના ગૌરવપર કોઇ નજર કરતું નથી એથી દીલગીરી થાય છે; પણ એમ તેને ગમ પડતી નથી કે એ નિર્ધનાવસ્થાનું કારણ છે અને તે મારૂં સર્વ હુસ્ન અર્થાત સર્વ સૌંદર્ય મફતમાં લુંટાવી દે છે. માટે નિર્ધનાવસ્થા પ્રાણીને દરેક રીતે સતાવનારી છે.

૧૫. સાચો પ્રેમી પણ જ્યારે નિર્ધન બની જાય છે ત્યારે તેની પ્રેમ કરનાર વસ્તુ પણ તેના દુઃખ તરફ દયા લાવતી નથી, કદાચ તે પ્રેમી તે પોતાની પ્રેમી વસ્તુ પાસે જાય છે તો તરત તેની પ્રેમી

કૈસેહી ધુમધામકી રંડી હો ખુશ જમાલ
જબ મુફિલસીકા આન પડે સિરપર ઉસકે જાલ
દેતે હૈં ઉસકે નાચકો ઠઠ્ઠેકે બિચ ડાલ
નાચે હય વહતો ફર્શકે ઉપર કદમ સંભાલ
ઔર ઉસકો ઉંગલિયોપે નચાતી હય મુફિલસી
કિસ કિસ તરહસેં ઉસકો સતાતી હય મુફિલસી. ૧૬

ઉસકાતો દિલ ઠિકાને નહિં ભાવ કયા બતાય
જબ હો ફટા દુપટ્ટા તો કાહેસે મું છિપાય
લે શામસે વહ સુબહ તલક ગોકિ નાચે ગાય
ઔરોંકો આઠ સાતતો વહ દો ટકેહી પાય
ઇસ લાજસે ઉસેભી લજાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૧૭

વસ્તુના અંતરમાં એમ ખ્યાલ આવે છે કે વખતે નિર્ધન છે તો મારી પાસે કંઇ માગણી કરશે. આ પ્રકારે મુફલીસી અર્થાત નિર્ધનાવસ્થા સાચા પ્રેમીઓને પણ બિન ગુન્હે ગુન્હેગાર બનાવી મુકે છે.

૧૬. ગમેતેવી વારાંગના–અપ્સરા કે નૃત્ય કરનારી સર્વોપરી નાયિકા હોય પણ તેનાપર જ્યારે મુફિલસી–નિર્ધનાવસ્થા આવી પડે છે ત્યારે તેનું નૃત્ય એક મશ્કરીમાં ગણાય છે જોકે તે સર્વોપરી ફર્શ સબંધી ઉપર નૃત્ય કરે છે તોપણ જાણે નિર્ધનાવસ્થા તેને આંગળીયોપર નચાવતી હોય તેમ લાગે છે. એ પ્રકારે નિર્ધનાવસ્થા મનુષ્યને કેટલી સનાવે છે તેનો અવધિજ નથી.

૧૭. નિર્ધનાવસ્થાના દુઃખથી જેનુમન ઠેકાણે નથી તેને ભાવ

જીસ કસબી રંડીકા હો હલાકતસે દીલહુઝી
રખતા હય ઉસકો જબ કોઇ આકર તમાશ બીં
ઇક પૌન પૈસે તકભી વહ કરતી નહિં નહિં
યહ દુખ ઉસીસે પુછીયે અબ આહ જીસ તહીં
લાલચમેં સારી રાત જગાતી હય મુફ્લિસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફ્લિસી ૧૮

વહતો યે સમજે દિલમે કિ ઢલા જો પાઉંગી
દમડી કે પાન દમડીકી મિસ્સિ મંગાઉંગી
બાકી રહે છદામ સો પાની ભરાઉંગી
ફિર દિલમેં સોંચતી હય કિ કયા ખાક ખાઉંગી
આખિર ચના ઉસિકા ભુનાતી હય મુફ્લિસી

શું પુછવો કે તે બતાવી શકવાનો હતો? મ્હોં ઢાંકવા સારૂ પોતાની પાસેનોજ દુપટો–અંગવસ્ત્ર ફાટેલું છે તો શી રીતે તે મ્હોં છુપાવી શકે એવી મિસકીન અર્થાત ગરીબ અવસ્થા જેથી બીજાને આઠ દશટકા મળે તો તેને બે ટકા મળે કારણ તેના દુર્ભાગ્યે પ્રાપ્ત થએલી નિર્ધનાવસ્થા એજ મુખ્ય હેતુ છે.

૧૮. જે નાયકા મુફ્લીસ છે તેને તમા શગીર જેવા કે સરકસ નાટક ઇત્યાદિ ધંધાના કરનારાઓ નોકર રાખે છે અને આખી રાત લાલચમાં નચાવે છે અને જગાડે છે. તોએ નિર્ધનાવસ્થાને લીધે પેટપુર ખાવાનું મળતું નથી એવી કારમી નિર્ધનાવસ્થા છે, જે આદમીને હરેક પ્રકારે સતાવનારી છે.

કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૧૯
જબ મુફિલસીસેં હોવે કલાવતકા દિલ ઉદાસ
ફિરતા હય લે તંબુરે કો હર ઘરકે આસપાસ
ઈક પાવશેર આટેકી દિલમેં લગાકે આસ
ગૌરીકા વખ્ત હોવેતો ગાતા હય વહ બિભાસ
યાંતક હવાસ ઉસકી ઉડાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૨૦
મુફિલસ જો બ્યાહ બેટીકા કરતા હય બોલ બોલ
પૈસા કહાં જો જાકે વહ લાવે જહેઝ મોલ
જોરૂકા વહ ગલાહય કિ ફુટા હો જૈસે ઢોલ
ઘરકી હલાલખોરી તલક કરતી હય ઠઠોલ
હૈબત તમામ ઉસકી ઉઠાતી હય મુફિલસી

---

૧૯. તે મુફલસ કહેનાં નિર્ધન નાયકા એમ સમજે છે કે આ ડલ્લો મળશે તેમાંથી દમડીના પાન અને દમડીની મશી મંગાવીશ અને અમુક કરીશ પણ આખરે તે નિર્ધનનું નિર્ધન પ્રારબ્ધ તેને ચણા ચાવવા સીવાય અન્ય ઉત્તમ ખોરાક આપતુંજ નથી એવી તે નિર્ધનાવસ્થા છે.

૨૦. જ્યારે કોઇ કળા કૌશલ્યથી ભરપુર હોય એવો મનુષ્ય નિર્ધનાવસ્થાથી કંટાળી જઇને ઘેરેઘેર તંબુરાથી ગાઇને એક પાશેર આટાની આશાએ માગી ખાય છે, પણ ગૌરી રાગ ગાવાનો હોય ત્યાં બિભાસ ગાય છે એવી અનિયમીત સ્થિતિમાં તેને લાવી મુકનારી નિર્ધનાવસ્થા છે.

કિસ કિસ તરહસેં ઉસકો સતાતી હય મુફિલસી ૨૧

દરવાઝે પર ઝનાને બજાતે હય તાલીયાં
ઔર ઘરમેં બૈઠી ડોસની દેતી હય ગાલીયાં
માલિન ગલેકો હાર હો દૌડે લે ડાલીયાં
સિક્કા ખડા સુનાતા હૈ બાતે રઝાલિયાં
યહ ખ્વારી યહ ખરાબી દિખાતી હૈ મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૨૨

કોઇ શૂમ બેહયા કોઇ બોલા નિખટ્ટુ હૈ
બેટીને જાના બાપ તો મેરા નિખટ્ટુ હૈ
બેટે પુકારતેં હય કિ બાબા નિખટ્ટુ હૈ

---

૨૧. કદીને બિચારા નિર્ધનને દીકરીનો વીવાહ કરવો હોય અને તે બાબત જે તે બોલ બોલે તે પળી શકતા નથી; કારણ કે બધી વસ્તુઓ જે પોતે કબુલ કરી હોય તે પૈસા વીના કયાંથી આવે અને ઘરમાં બાયડીને કહેતા જતાં જાણે ફુટેલું ઢેલ વાગે તે પ્રમાણે બડબડાટ કરી મુકે છે. નિર્ધન અવસ્થાવાન દરિદ્રીને આ પ્રકારની સર્વ મુઝવણ સહન કરવી પડે છે એવી તે નિર્ધનાવસ્થા છે.

૨૨. નિર્ધનને ઘરની સ્ત્રી ઘરમાં આવતો જોઇને તાળીયો વગાડે છે. અને ઘરમાં ડોશી ડગરૂં હોય તે તો ગાળો દેવાજ મચી પડે છે. માળી પણ પૈશાથી ફુલની ડાળી લેઇ દોડયો દોડયો ગળાનો હાર લઇ આવે છે. આમ શિક્કો-પસો રહ્યો રહ્યો તે નિર્ધનને રઝળતી વાતો સંભળાવે છે આ પ્રમાણે નિર્ધનની ધનવગર ખુવારી થાય છે એવી નિર્ધનાવસ્થા પ્રાણીને સતાવનારી છે.

બિબી ચે દિલમે કહતી હય ભડુઆ નિખ઼ુ હૈ
આખિર નિખટ્ટુ નામ ધરાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હૈ મુફિલસી. ૨૩

ચુલા તવા ન પાની કી મટુકી મેં આબી હૈ
પીનેકો કુછ ન ખાનેકો ઔર ન રીકાબી હૈ
મુફિલસકે સાથ સબકે તંઇ બેહીજાબી હૈ
મુફિલસકી જોરૂ સચ હૈ કી હાં સબકી ભાબી હૈ
ઇઝઝત સબ ઉસકે દીલકો ગવાંતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી ૨૪

કૈસાહી આદમી હો પર અફલાસકી તુફૈલ
કોઇ ગદહા કહે ઉસે કોઇ કહતા હૈ પુરા બૈલ

---

૨૩. નિર્ધનને બધા લોકો સુગ અર્થાત કંજુસ, બેહયા અર્થાત બેશરમ અને નિખટ્ટુ અર્થાત નામરદ બાયલા જેવો ગણી કાઢે છે પુત્ર પુત્રીપણ કહે છે કે મારો બાપ બાયલો છે અને માલ વગરનો છે. ઘરની સ્ત્રી પણ કહે છે મારો ધણી નમાલો છે એમ નિર્ધનાવસ્થાથી આખુ જગત નિખટ્ટુ અર્થાત બાયલો એવું નામ આપે છે એવી નિર્ધનાવસ્થા પ્રાણીને શીરે મોટા આફત રૂપ છે.

૨૪. નિર્ધનના ઘરમાં ચુલો, તવી, પાણીનુંમાટલુ કે પાણી પીવાનું પવાલુ પણ કયાંથી લાવે? તેથી બધાના તેને ઓશીયાળા રેહેવું પડે છે. તેની સ્ત્રીને આખું જગત ભાભી કહે તોપણ સાંખી રહેવું પડે છે અને એ પ્રમાણે નિર્ધનાવસ્થા પ્રાણીની આબરૂ ઉપર છીની ફેરવનારી દુખદાયક છે.

કપડે ફટે તમામ બઢે બાલ ફેલ ફેલ
મું ખુશ્ક દાંત ઝર્દ બદનપર જમાયે મેલ
સબ શકલ કૈદિયોંકી બનાતી હય મુફિલસી
કિસ કિસ તરહસે ઉસકો સતાતી હય મુફિલસી. ૨૫

હર આન દોસ્તોંકી મુહબ્બત ઘટાતી હય
જો આશના હૈ ઉન્કી તો ઉલ્ફત ઘટાતી હય
અપને વ ગૈરકી ભી યહ ચાહત ઘટાતી હય
શર્મો હયા વ ઇઝઝતો હુર્મત ઘટાતી હય
નાખુન ઔ બાલ સબ યહ બઢાતી હૈ મુફિલસી
કિસ કિસ તરહસેં ઉસકો સતાતી હૈ મુફિલસી. ૨૬

---

૨૫ ગમે તેવો આદમી હુશીયાર કાબેલ અને ચતુર હોય પણ જો નિર્ધન હોય તો કશાજ કામનો નથી કારણ કે તેને, જેને તે ગધેડા જેવો કહી કહીને દબાવે છે. કપડાં તમામ જેના ફાટી ગયાં છે અને જેના માથાપરના વાળ વધી જઇ આમ તેમ મ્હોડાપર વીખરાયલા છે, જેનું મેઢું સુકાઇ ગયેલું દાંત પીળા અને શરીરપર મેલ વળ્યો છે એવા નિર્ધનોની શીકલો અર્થાત મુખ મુદ્રાઓ કેદીઓની મુખાકૃતિ જેવી થઇ જાય છે એવી અત્યંત ખરાબ નિર્ધનાવસ્થા છે.

૨૬. નિર્ધનાવસ્થા એવી છે કે મિત્રમાંથી પ્રિતિ ઘટાડનારી છે. પોતાની પ્રિયાની પ્રીતી ઉતારનારી, અન્ય લોકોની જોડેના સ્નેહને તોડી નાંખનારી, શરમ, માન, આબરૂ, પ્રતિષ્ઠાને હાની પોચાડનારી; અને નખ અને વાળની વૃદ્ધિપૂર્વક દરિદ્રતાનુ દાન કરનારી એવી નિર્ધનાવસ્થા અતિ કષ્ટ આપનારી છે.

જબ મુફ્લિસી હુઇ તો શરાફત કહાં રહી
વહ કદ્ર જાતકી વહ નીજાબત કહાં રહી
કપડે ફટે તો લોકોમેં ઇઝ્ઝત કહાં રહી
તાઝીમ ઔ તવાઝહકી હુરમત કહાં રહી
મુફ્લીસકો જુતિયાં પૈ બિઠાતી હૈ મુફ્લિસી
કિસ કિસ તરહસેં ઉસ્સે સતાતી હૈ મુફ્લિસી ૨૭

રખતી નહિં કિસીકે યહ ગૈરતકે આનકો
સબ ખાકમેં મિલાતી હૈ હુરમતકે શાનકો
સૌ મહેનતોંમેં ઉસકે ખપાતી હય જાનકો
ચોરી પે આકે ડાલે હય મુફ્લિસકે ધ્યાનકો
આખિર નિદાન ભીખ મંગાતી હય મુફ્લિસી
કિસ કિસ તરહસેં ઉસ્સે સતાતી હય મુફ્લિસી ૨૮

---

૨૭. નિર્ધન થયા પછી વિવેક બુદ્ધિ ક્યાં રહે. નિર્ધનની કોઇ કદર પણ શું કરે અને તેની સાથે સંબંધ પણ કોણ રાખે? ફાટેલા કપડાં પહેર્યા હોય પછી ઇજ્જત શી રીતે રહે અને તેને સલામ પણ કોણ કરે ? કોઇજ નહિ. એ પ્રમાણે નિર્ધનાવસ્થા મનુષ્યને જોડાની જગે.એ બેસાડનારી છે એમાં સંશય નથી.

૨૮. નિર્ધન થયા પછી શરમ પણ શેની રહે ? બધી આબરૂ પ્રતિષ્ઠા ધુળમાં મળ્યા વગર કેમ રહે? ચોરીનું આળ આવ્યા વગર પણ કેમ રહે અને છેવટે નિર્ધનાવસ્થા ભીખ પણ મંગાવ્યા વિના કેમ રહે ? નહિંજ.

દુનિયામેં લેકે શાહસેં અયે યારો તો ફકીર
ખાલીક ન મુફિલસીમેં કીસિકો કરે અસાર
અશરાફકો બનાતી હય ઇક આનમેં ફકીર
ક્યા ક્યા મેં મુફિલસીકી ખરાબી કહું નઝીર
વહ જાને જીસકે દીલકો જલાતી હૈ મુફિલસી
કિસકિસ તરહસેં ઉસ્સે સતાતી હૈ મુફિલસી ૨૯

नेकी व बदी–२.

હય દુનિયાં જીસ્કા નામ મિ ાા,યહ ઔર તરહકી બસ્તિ હૈ
જો મહંગોંકો યહ મંહગી હૈ ઔ સસ્તોંકો યહ સસ્તીહૈ
યહાં હરદમ ઝઘડે ઉઠતેં હૈ હરઆન અદાલત બસ્તીહૈ
ગર મસ્ત કરે તો મસ્તી હૈ ઔ પસ્ત કરે તો પસ્તી હૈ
કુછ દેર નહિં અંધેર નહિં ઇનસાફ ઔ અદલ પરસ્તીહૈ

---

૨૯ રાજાથી માંડીને રંક કે ફકીર સુધી પણ ઇશ્વર કોઇને નિર્ધનાવસ્થાનુ દુઃખ ન આપે કારણકે શાંત સજ્જન પુરૂષને પણ એક વખતે તે ઘરબાર તજાવી ફકીરી લેવરાવે છે. મુરશદ નઝીર કહે છે કે નિર્ધનાવસ્થાથી થતી ખરાબીનું હું શું શું વર્ણન કરૂં અને ના કરૂં પણ જેને નિર્ધનાવસ્થા પિડે છે તેઓને ખબર છે કે તેમના હૃદય નિર્ધનતાથી કેવાં બળે છે. માટે નિર્ધનતા અતિ ત્રાસ આપનારી છે.

ઇસ હાથ કરો ઇસ હાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તીહૈ ૧

જો ઓર કિસિકા માન રખેતો ઉસકો ભી અરમાન મિલે
જો પાન ખિલાવે પાન મિલે જો રોટી દેતો નાન મિલે
નુકસાન કરે નુકસાન મિલે યહસાન કરે યહસાન મિલે
જો જૈસા જીસકે સાથ કરે ફિર વૈસા ઉસકો આન મિલે
કુછ દેરનહિ અંધેરનહિં ઇન્સાફ ઔ અદલ પરસ્તી હય
ઇસ હાથકરો ઇસ હાથમિલે યહાં સૌદા દસ્ત બદસ્તીહયે ૨

ઔર કિસિકી જાં બક્ષે તો ઉસકી ભી હક જાનરખે
જો ઔર કિસિકી આન રખે તો ઉસકી ભી હકઆન રખે
જો યહાંકા રહેનેવાલા હૈ યહ દીલમેં અપને જાન રખે

ભલાઇ અને બુંડાઇ—૩

૧. આ દુનિયા જેનું નામ છે તે કોઇ જુદાજ પ્રકારની વસ્તી છે કે જે મોંઘાને મોંઘી અને સોંઘાને બીલકુલ સોંઘી છે. એમાં હમેશ અનેક પ્રકારના ઝઘડા ઉઠે છે; જે જેવા પ્રકારની કરણી કરે છે તેને તેવું ફળ મળે છે એવી દુનિયા અદલ ઇનિસાફી છે. આ હાથે કરવું, આ હાથે લેવું એવો સોદો આદુનિયામાં સહુ કરે છે. જેમાં વાર પણ નથી કાંઇ અંધેર પણ નથી માત્ર અદલ ઇન્સાફ રહેલો છે.

૨. જો તું બીજાનું માન રાખીશ તો તને માન મળશે. બીજાને પાન ખવરાવીશ તો પાન મળશે. નુકશાન કરીશ તો નુકશાન મળશે. ઉપકાર કરીશ તો ઉપકાર મળશે. જેવું બીજાને કરીશ તેવું તું પામીશ કાંઇવાર નથી, અંધેર નથી, આ હાથે લેવું અને આ હાથે કરવું એવી અદલઇન્સાફ રૂપ આ દુનિયા છે.

યહ તુર્ત ફૂર્તકા નકશા હૈ ઇશ નકશે કો પેહચાન રખે
કુછ દેર નહિં અંધેર નહિં ઇન્સાફ ઔ અદલ પરસ્તીહૈ
ઇસ હાથ કરો ઇસહાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તી હૈ ૩
જો પાર ઉતારે ઔરોંકો ઉસકી ભી નાવ ઉતરતી હૈ
જો ગર્ક કરે ફિર ઉસકી ભી યહાં ડુબકોં ડુબકોં કરતી હૈ
શમશીર તબર બંદુક સનાં ઔ નશ્તર તીર નહરની હૈ
યહાં જૈસી જૈસી કરની હય ફિર વૈસી પાર ઉતરની હૈ
કુછ દેર નહિં અંધેર નહિં ઇન્સાફ ઔ અદલ પરસ્તી હૈ
ઇસ હાથ કરો ઇસહાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તી હૈ ૪
જો ઉપર ઉંચા બોલ કરેતો ઉસકા બોલ ભી બાલા હૈ
ઔ દે પટકે તો ઉસકો ભી કોઇ ઓર પટકને વાલા હૈ
બે ઝુલ્મો ખતા જીસ ઝાલીમને મઝલુમ ઝબે કરડાલા હૈ

---

૩. જો કોઇને તું તારો પ્રાણ અર્પણ કરીશ તો પરમેશ્વર તારો પણ પ્રાણ બચાવશે. કોઇની એન રાખીશ તો તારી પણ ઇશ્વર એન રાખશે જે અહીંના અર્થાત આ મૃત્યુલોકના રહેનારા છે તેઓએ તો આ નકશાને ઓળખી રાખવો કારણ કે આ દુનિયામાં કંઇવાર નથી કંઇ અંધેર પણ નથી અદલ ઇન્સાફ છે કે આ હાથે કરવું અને આ હાથે ભરવું. હાથો હાથનો સોદો છે.

૪ જે અન્યને પાર ઉતારે છે. તેની નૌકા પણ પાર ઉતરી જાય છે. જે કોઇની નોકા ડુબાડે છે તેનું નાવડું ડુબુ ડુબુ થઈ રહે છે. તલવાર બંદુક નસ્તર, નરેણી અર્થાત જેવી જેવી કરણી તેવી પાર ઉતરણી એ જગત પ્રસિદ્ધ છે માટે હાથોહાથનો સોદો છે.

ઉસ ઝાલિમ કે ફિર લોહુકા ફિર બહના નદી નાલા હૈ
કુછ દેર નહિં અંધેર નહિં ઇન્સાફ ઔ અદલ પરસ્તી હૈ
ઇસ હાથ કરો ઇસ હાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તી હૈ ૫

જો ઔર કિસીકો નાહકમેં કોઇ જુઠી બાત લગાતા હૈ
ઔ કોઇ ગરિબ બિચારા હૈ હકનાહકમેં લુટ જાતા હૈ
વહ આપભી લુટા જાતા હૈ ઔ લાઠી પાઠી ખાતા હૈ
જો જૈસા જૈસા કરતા હૈ ફિર વૈસા વૈસા પાતા હૈ
કુછ દેર નહિં અંધેર નહિં ઇન્સાફ ઔ અદલ પરસ્તી હૈ
ઇસ હાથ કરો ઇસ હાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તી હૈ ૬

હય ખટકા ઉસકે સાથ લગા જો ઔર કિસિકો દે ખટકા
ઔ ગૈબસે ઝટકા ખાતા હૈ જો ઔર કિસિકો દે ઝટકા

---

૫. કોઇને માટે સારૂ કરવા બે બોલ બોલે તો તે બોલનાર પણ બોલ બાલા સમજવા; અને કોઇને પટકી દે તો તેને પણ ઇશ્વર પટકનારો તૈયારજ બેઠેલો છે વગર વાંકે જુલ્મ ગુજારી વિણુ અપરાધીની જે હત્યા કરે છે, તે જુલ્મીનાં લોહીની આખરે નદી વહેવાની સમજવી. કારણ કે અહીં અંધેર નથી કે વાર નથી હાથોહાથનો સોદો છે અદલ ન્યાય છે.

૬. જે કોઈના ઉપર જુઠું તોહોમત મુકી તેની નિંદા કરે છે અને નાહક કોઇ ગરિબને લુટીલે છે તે પોતે લુંટાય છે. જે લાકડીનો માર મારે છે. તે લાકડીયોનો માર ખાય છે જેવું જે કરે છે તેવું પામે છે કારણ કે આ દુનિયામાં તો હાથો હાથનો સોદો છે, અદલ ન્યાય છે અંધેર નથી કે કાંઇ વાર નથી.

ચીરે બીચમેં ચીરા હય ઔર પટકે બિચ જો હૈ પટકા
કયા કહિયે આગે ઔર નઝીર હૈ ઝોર તમાશા ઝટપટકા
કુછ દેર નહિ અંધેર નહિ ઈન્સાફ ઔર અદલ પરસ્તી હૈ
ઈસ હાથ કરો ઇસ હાથ મિલે યહાં સોદા દસ્ત બદસ્તી હૈ. ૭

बनजारा-४.

ટુક હિર્સો હવાકો છોડ મિંયા મત દેસ વિદેસ ફિરે મારા
કઝઝાક અજલકા લુટે હૈ દિન રાત બજાકર નક્કારા
કયા બધિયા ભૈંસા બૈલ શુતર કયા ગોને પલ્લા ભર ભારા
કયા ગેંહુ ચાવલ મોઠ મટર કયા આગ ધુંવા ઔ અંગારા
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝઝાક અજલકા લુટે હૈ દિનરાત બજાકર નક્કારા ૧

૭. જે બીજાના હૃદયને ખટકો કરે છે તેથી પોતાના હૃદયનેજ ખટકો પેદા કરે છે અને જે બીજાને ઝટકો દે છે તેને ઇશ્વરના ઘેરથી ઝટકો પડે છે અન્યનું ફાડવાથી પોતાનું ફાટે છે. અને બીજાને પડવા જતાં પોતે પડે છે માટે મુરશદ નઝીર કહે છે કે આ દુનિયામાં ઝટપટનો તમાશો છે. આ હાથે કરવું અને આ હાથે ભરવું. અંધેર નથી કે તેને વાર નથી. તુર્તફુર્તનો સોદો છે અદલ ઈન્સાફ છે.

વણજારો—૪

૧. ક્ષણીક સુખોપભોગો ભોગવવાની લાલસાએ દેશ વિદેશ શું કામ ફરે છે. મ્હોત રાત દીવસ નગારૂ વગાડી કહ્યા કરે છે કે હે પ્રાણી તું

ગર તુ હૈ   ખી બનજારા ઔર ખેપભી તેરી ભારી હૈ
અયે ગાફિલ તુજસેભી ચઢાઇક ઔર બડા બ્યોપારી હૈ
કયા શક્કર મિસરિ કંદ ગરિ કયા સાંબર મીઠા ખારીહૈ
કયાં દ્રાખ મુનક્કા સોંઠ મિરચ કયા કેસર લૌંગ સુપારીહૈ
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કજ્જાક અજલકા લુટે હૈ દિનરાત બજાકર નક્કારા ૨

તુ બધિયા લાદે બૈલ ભરે જો પુરવ પશ્ચિમ જાવેગા
યા સૂદ બઢાકર લાવેગા યા ઘાટા ટુટા પાવેગા
બટ માર અજલકા રસ્તેમેં જબ ભાલા માર ગીરાવેગા
તબ ધન ઔ દૌલત નાતી પોતા એકભી કામ ન આવેગા
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કજ્જાક અજલકા લુટે હય દિનરાત બજાકર નક્કારા ૩

મારા પંજામાંથી છુટવાનો નથી. બળદ, ભેંશો, બકરી, ગાયો ઉપર ઘઉં ચોખા, મઠ, વટાણા વગેરેની પોઠો ભરી લાવે છે પણ જ્યાં આ ફાની દુનિયા છોડી તું જઇશ એટલે બધો તારો ઠાઠ પડ્યો રહેવાનો.

૨. અગર તું લાખોનો વેપાર કરનાર વણઝારો છે અને તારી ખેપો પણ ઘણી જો કે ભારે છે તોપણ તને ખબર છે કે તને લાદીને લઇ જનાર વેપારી તારાથી પણ જબરો છે. સાકર ખાંડ સુંઠ મરિ લવંગ સોપારી વીગેરેના વેહેપારનો સઘળો ઠાઠ તારો અહીં પડ્યો રહેશે અને તારે મ્હોતને શરણ થવું પડશે.

૩ તું બળદ ઉપર પોઠો લાદી લાદીને ભરે છે અને પૂર્વ પશ્ચિમ ફર્યા કરે છે અને પોઠો ભરી ભરી ને પૈસો કમાઇ લાવે છે

હર મંઝીલમેં અબ સાથ તેરે યહ જીતના ડેરા ડંડા હૈ
ઝર દામ દીરમકા ભાંડા હૈ બંદુક સિપર ઔ ખાંડા હૈ
જબ નાયક તનકા નિકલ ગયા જો મુલ્કો મુલ્કો હાંડાહૈ
ફિર હાંડા હૈ ન ફાંડા હૈ ન હલુવા હૈ ન માંડા હૈ
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કજ્જાક અજલકા લુટે હય દીનરાત બજાકર નક્કારા ૪

જબ ચલતે ચલતે રસ્તેંમેં યહ ગોન તેરી ઢલ જાવેગી
ઇક બધિયા તેરી મિટ્ટીપર ફિર ઘાસ ન ચરને આવેગી
યહ ખેપ જો તુને લાદી હૈ સબ હિસ્સોમેં બટ જાવેગી
ધી પુત જંવાઇ બેટા કયા બનજારિ ન પાસ ન આવેગી
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કજ્જાક અજલકા લુટે હૈ દીનરાત બજાકર નક્કારા ૫

પણ જો રસ્તામાં કાળનો ભાલો તને વાગશે તો બધો તારો પૈસો અને પોઠો રસ્તામાંજ રેહેશે. પછી તે પૈસો કે દોલત કે તારૂં સગું સહોદર કોઈ પણ કામ આવશે નહિ.

૪. દરેક મુસાફરીમાં જેટલો તારો દમામ અને ખટસગ હશે અને જેટલો તારી પાસે પૈસો ને જેટલા હથીયાર હશે તે જ્યાં તારી દેહનો નાયક તારો જે પ્રાણ તે નીકળી ગયો એટલે એ બધી તારી સાથેની સાથીને ઠેકાણે થઇ જશે. વાસણ કુસણ મેવા મિઠાઇ હલવો કે કોઈ પણ તારી પ્રિય વસ્તુ તારી સંગી થનાર નથી.

૫. જો રસ્તામાં ચાલતાં ચાલતાં ગુણ પોઠ રૂપી તારો દેહ જ્યાં ઢળી અર્થાત પડી ગયો પછી તારી માટી ઉપર એક પોઠ પણ ચરવા

યેહ ખેપ ભરે જો જાતા હૈ યહ ખેપ મીંયા મત ગીન અપની
અબ કોઇ ઘડી પલ સાઇતમેં યહ ખેપ બંદનકી હૈ કફની
કયા થાલ કટોરે ચાંદીકે કયા પીતલકે ઢપના ઢપની
કયા બરતન સોને રૂપેકે કયા મીટ્ટિકી હંડીયા ચપની
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝાક અજલકા લુટે હૈ દીનરાત બજાકર નક્કારા. ૬
યહ ધુમ ધડક્કા સાથ લિયે કયોં ફિરતા હૈ જંગલ જંગલ
ઇસ તનકા સાથ ન જાવેગા મૌકુફ હુવા જબ અન ઔ જલ
ઘરબાર અટારી ચૌપારા કયા ખાસા તનસુખ ઔ મલમલ
કયા ચિલવન પર્દે ફર્શનયે કયા કમરે ઔ કયા રંગમહેલ
સબ ઠાઠ પડા રહજાવેગા જબ લાદ ચલેગા બનજારા

આવશે નહિ. જે ખેપ તેં ભરી હશે તે પછી ભાગી પડી વેહેંચાઇ જશે અને તને ઉચકીને સ્મશાનમાં ભસ્મિભુત કરવા લઇ જશે દીકરો દીકરી જમાઇ કે ખુદ તારી વણઝારી ઘરવાળી તારા શબ પાસે આવશે નહીં. એ બધું અહીને અહીં પડયું રહેશે અને તારે મ્હોતને શરણ થવું પડશે.

૬. જે આ ખેપ ભરીને તું જાય છે તે, હે વણઝારા! તું નક્કી સમજ કે તારી નથી. એ ખેપતું તારી ગણીશ નહિં. તારી તે ખેપ જેમ તારી શરીરરૂપી કફની આજ છે ને કાલે નથી તેની સમજજે. ચાંદી સોનાની થાળી વાટકા પીતળના ઢાંકણા ઢાંકણી કિંવા માટીની હાંડી અને તેપર ઢાંકવાની ચપણી એ સૌ ઠાઠ તારો પડયો રહેવાનો— જ્યારે મ્હોતને શર્ણ થવાનો તે વખતે એ કોઇ સાથે આવનાર નથી.

કજ્ઝાક અજલકા લુટે હે દીનરાત બજાકર નક્કારા ૭
કુછ કામ ન આવેગા તેરે યહ લાલ ઝમુર્રદ સીમો ઝર
જબ પુંજી બાટમેં બિખરેગી હર આન બનેગી જાન ઉપર
નુબત નગારે બાન નિશાં દૌલત હશ્મત ફૌજે લશકર
કયા મસનદ તકીયા મુલ્ક મકાં કયા ચૌકી કુર્સિ તખ્ત છતર
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝ્ઝાક અજલકા લુટે હૈ દીનરાત બજાકર નક્કારા ૮
કયા જીપર બોજ ઉઠાતા હૈ ઇન ગોનોં ભારી ભારી કે
જબ મૌત લુટેરા આનપડા તબ કોઈ નહીં ગુન તારી કે

---

૭. આ બધી ધામધુમ લેઇ હે વણુઝારા તું જંગલે જંગલ શીદ ભટકે છે જ્યારે અનજળ આવી રહે છે ત્યારે એ કશુંએ તારી સાથે આવતું નથી. ઘરબાર ધન ધામ ધરા મેહલ ઝરૂખાં માળીયાં સુખપાલ, બાગ, ઘોડા, લક્ષ્મી, કશું પણ સાથે આવતું નથી. એ બધું અહીયાજ રેહે છે.

૮. તારો ભેગો કરેલો પૈસો કંઇપણુ કામ આવનારો નથી. પછી તો તારી પુંજી રસ્તામાં વીખરાઇ જઇ વહેંચાઇ જશે. નોબત નગારા નીશાનો દૌલત દમામ ફૌજ લસ્કર મસીદ, તકીયો. મુલક કે મકાન, ચોકી, ખુરશી કે તારાશીરપરનું છત્ર એ સર્વ તારા જાન ઉપર જ્યારે કાલપાશ આવી પડશે ત્યારે અહીંયા રહેશે ને તું ચાલ્યો જઇશ માટે કાળ તને નગારૂ વગાડી પોકાર કરી કહે છે કે સઘળો તારો ઠાઠ પડયો રહેશે ને તારે કાલને વશ થયા વિના છુટકો નથી.

કયા સાઝ જડાઉ ઝર ઝવેર કયા ગોટે થાન કીનારી કે
કયા ઘોડે ઝીન સુન્હરે કે કયા હાથી લાલ અમારી કે
સબ ઠાઠ પડા રહજાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝઝાક અજલકા લુટે હે દીનરાત બજાકર નક્કારા ૯

મગરૂર ન હો તલવારોં પર મત ભુલ ભરોસે ઢાલો કે
સબ પટ્ટા તોડકે ભાગેંગે મુંહ દેખ અજલકે ભાલોં કે
કયા ડબ્બે મોતી હીરોંકે કયા ઢેર ખજાને માલોંકે
કયા બગુચે તાશ મુશઝઝરકે કયા તખ્તે શાલ દુશાલોકે
સબ ઠાઠ પડા રહુ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝઝાક અજલકા લુટે હે દીનરાત બજાકર નક્કારા ૧૦

---

૯. હે વણઝારા, આ ગુણો લાદી લાદીને તારા જીવપર આટલો બધો બોજો શું કામ મુકી ભાર ઉઠાવે છે? એ બોજો ઉઠાવનાર પછી કોઇ નહીં મળે; જો કદી મ્હોતને વશ અધવચ થઈ ગયો તો તારા બધાં જવાહીર અને ઝરીયાન વીગેરે સહુ સાજો, ગોટાના કે થાન કિનારીના હશે, અને તારા ઘોડાપર જીન સોનેરી ઝીકના ભરેલાં હશે વા હાથી લાલ અંબાડીથી શણુગારેલા ઘેર ઝુલતા હશે, તોપણ એ સહુ મ્હોતને વશ થતાં અહીંના અહીંજ પડયા રહેશે.

૧૦. તારી તલવારોને ભરોસે ઝઝુમીશ નહિં કે તારી ઢાલોપર મગરૂર થઇશ નહિં એબધા અવસાન વખતે ભાગીજશે અને મ્હોતનો પંજો જોઇ તેઓ તરત પાછા પડશે, તારા મોતી અને મણીમાણેકના ખજાના, શાલ દુશાલા પડયા રહેશે. માટે મ્હોતને શરણ થતાં તારો આ સઘળો ઠાઠ પડયો રહેશે.

કયા સખ્ત મકાં બનવાતા હૈ ખમ તેરે તનકા હૈ પોલા
તું ઉંચી કોટ ઉઠાતા હૈ વહાં ગોર ગઢેને મ્હું ખોલા
કયા ઐની બન્દક રન્દ બડી કયા બુર્જ કગુરા અનમોલા
ગઢ કોટ રહકલા તોપ કિલ્લા કયા શીશેદાર વ કયા ગોલા
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝાક અજલકા લુટે હૈ દીનરાત બજાકર નક્કારા. ૧૧

હરઆન નહિ ઐા ટુટીમેં કયૌ મરતા ફિરતા હૈ બનબન
ટુક ગાફિલ દિલમેં સોચ ઝરા હય સાથ લગા તેરે દુશ્મન
કયા લૌંડી બાંદી દાઈ દુઆ કયા બન્દા ચેલા નેક ચલન
કયા મંદિર મસ્જીદ તાલ કુયે કયા ઘાટ સરા કયા બાગચમન
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝાક અજલકા લુટે હૈ દીનરાત બજાકર નક્કારા. ૧૨

---

૧૧. હે ભવ મુસાફર વણઝારા, તું તારૂ મકાન બહુ મજબુત બનાવે છે પણ તને એ ખબર નથી કે તારા શરીરનું ખમીર તો બધું પોલું છે. મોટા ઉંચા કોટ ચણે છે પણ એમ નથી જાણતો કે ઘોર અર્થાત મ્હોતે તેનું જડબું તારો ભક્ષ કરવાને પોહોળું કર્યું છે, ગઢ બુર્જ અને તેના ઉપર અમુલ્ય હીરા જડીત્ર કાંગરા મુકયા હશે અને ગઢ ઉપર તોપ અને ગોળા ગોઠવી મુકયા હશે પણ એ સઘળો તારો ઠાઠ મ્હોત આવતાં અહીંજ પડયો રેહેવાનો છે એ નિશ્ચે જાણજે.

૧૨. નફાને માટે તું જંગલે જંગલ આથડે છે પણ જરા વિચાર કરીજો ? મ્હોતરૂપી શત્રુ તારી પાછળ લાગેલો છે. તારી સાબણી ચાકર

જબ મર્ગ ફિરાકર ચાબુકકો યહ બૈલ બદનકા હાંકેગા
કોઈ નાઝ સમીટેગા તેરા કોઈ ગોન સિયે ઔર ટાંકેગા
હો ઢોર અકેલા જંગલમેં તુ ખાક લહદકી ફાંકેગા
ઉસ જંગલમેં ફિર આહ નઝીર ઈકતિનકા આન ન ઝાંકેગા
સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા
કઝઝાક અજલકા લુંટે હય દીનરાત બજાકર નક્કારા. ૧૩

सब फना.-५

પઢ ઇલ્મ ગયે ઇસ દુનિયામેં ગર કામિલ દી ઇદરાક હુયે
ઔ લાદ કિતાબે ઉંટો પર હર માની કે દર્રાક હુયે
માકુલ પઢે મંકુલ પઢે હર મન્તિકમેં ચાલાક હુયે
યા જીતને ઇલ્મ કે દરિયા હે ઉન દરિયા કે પૈરાક હુયે

લુંડીયો વીગેરે અને તારૂ મકાન મસ્જીદ વીગેરે સહુ મ્હોત આવતાં અત્રે પડયું રહેશે અને તુ મ્હોતને શરણુ થઇશ.

૧૩. જ્યારે તારા શરીરરૂપી બળદને યમરાજ તેની ચાબુકથી હાંકીને લેઇ જશે ત્યારે તારૂ સઘળું ગમે તે કોઇ સમેટી લેશે અને તને સ્મશાનમાં મુકી આવશે ત્યાં તુ રહ્યો રહ્યો લાદ-ધુળ ફાકયા કરીશ. પછી તે જંગલમાં આવીને તારા તરફ કોઇ ઝાંખશે પણ નહિ માટે એ નકી સમજજે કે મ્હોત આવતાં બધો તારો ઠાઠ પડયો રહેશે ને તારે જવું પડશે.

સબ જીતે જીકે ઝઘડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસે આકર કામ પડા સબ કિસ્સે કઝીયે પાકહુયે. ૧

મશહુર હકીમ ઔ બૈદ હુયે યા પઢકર ઇલ્મ તબાબતકા
હાલાન્ કિતાબોસેં રોકા ઔ નુસ્ખોંસેં સંદુક ભરા
જબ મૌત મરઝને આન લિયા સબ ભુલે નબ્ઝ ઔ કારૂરા
ગો નુસ્ખે લાખ મુઝર્રબ થે પર કામ ન આયા ઇક નુસખા
સબ જીતે જીકે ઝગડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસે આકર કામ પડા સબ કિસ્સે કઝીયે પાક હુયે. ૨

યા કોઠી કરકે સેઠ હુવા યા બોહ જમીકો ખેતી કી
લિખ ડાલી બહિયાં લાખોંકી બો ડાલી ધરતી બુરી ભલી

સર્વ નાશવંત. ૫

૧. આ દુનિયામાં આવીને મોટામાં મોટા ઇલમો શીખ્યો બધી વાતમાં કાબેલ થયો. ઉંટો ભરી ભરીને પુસ્તકો વાંચ્યા, જંત્ર મંત્ર તંત્ર સર્વ વિદ્યામાં નિપુણ થયો, અને વિદ્યાનો ભંડાર કહેવાયો; પણ તે સર્વ જીવતાં સુધીનુ સમજવું. જ્યાં મરણ આવ્યું એટલે એમ સમજજે કે એ બધા તારા કિસ્સા અને કજીયા વિલાઇ જશે.

૨. તુ નામાંકિત મોટો વૈદ્ય થયો વા ચિકિત્સક થયો અને તેના પુસ્તકો ભણી ભણીને મોટા મોટા કબાટો ભર્યા; તેમજ અકસીર જંત્રોના પુસ્તકોથી હાટીયાં ભરી રાખ્યા, પણ જ્યારે મરણ આવશે ત્યારે નાડી પરિક્ષા વીગેરે બધુંએ ભુલી જઇશ. જે જંત્રોથી લાખોને વશ કરતો હતો તેમાંનું એક પણ જંત્ર કામ આવનાર નથી; માટે એ જીવતાનું બધું સમજવું જ્યાં મર્ણ આવ્યું એટલે તારા બધા કિસ્સા અને કજીયા જતા રહેશે.

જબ હુંડી આઇ માલિકકી ઔર આકર જમકી ભેજ લગી
યહાં કોઠી કોઠી બૈઠ ગઇ વહાં ખેતી બારી ખેત રહી
સબ જીતે જીકે ઝગડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસેં આકર કામ પડા સબ કિસ્સે કઝીયે પાક હુયે ૩

યા મસ્ત શરાબી રિન્દ હુયે યા ઝાહીદ યા મકદૂર હુયે
યા પીપી કર દીલશાદ હુયે યા ચિલવન મેં મસરૂર હુયે
જબ ઉમ્રકે પ્યાલે દોનો કે આ સાઈત પર મામૂર હુયે
હ્યાં માલે તશબી દુર હુયે વહાં સાગર શીશે ચૂર હુયે
સબ જીતે જીકે ઝઘડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસેં આકર કામ પડા સબ કિસ્સે કઝીયે પાકહુયે ૪

---

૩. તું મોટી કોઠીઓ અને પેઢીઓ બનાવી મોટો શેઠ થયો અને જમીનને ખેડીને ખેતી કરી, વળી મોટી મોટી લાખોની વહીઓ લખી નાંખી, અને સારી નરસી જમીન જોયા વગર વાવી દીધી, પણ જ્યારે માલીક અર્થાત પરમેશ્વરના ઘરની હુંડી આવી અને યમરાજે આવી ડંકો દીધો ત્યાં તારી કોઠી કોઠીને ઠેકાણે રહી અને ખેતીવાડી તે તેને ઠેકાણે રહી. માટે હે ભાઈ! આ બધી જીવતાની માયાના ઝઘડા અને મારામારી છે. જ્યારે દેહોત્સર્ગ થાય છે એટલે એ બધા કિસ્સા ને કજીયા વીલાઇ જાય છે.

૪. શ્રીહરીની ભક્તિરૂપી મદ્ય પીને મસ્ત બન્યા, અને રાત દીવસ માળા—તશબી ફેરવી આત્માનંદની મોજ મજા માણી લીન રહ્યો, અને માળા ફેરવી, પણ જ્યાં આયુના અવધિના આંકરૂપી મદ્યનો પ્યાલો ઉભો રહ્યો કે માળા બાળા ઠેકાણે થઇ જશે. એ બધાજીવતાના ઝઘડા છે. દેહોત્સર્ગ થતાં સર્વ કિસ્સા કજીયા વીલાઈ જાય છે

ઇસ દુનિયાં કે ધન દૌલતમેં ગર શાહ સુલેમાં જાહ ચલે
યા ઠહરે મીર વઝીર આઝમ યા રાજા બનકર આહ ચલે
મુંહ દેખ અજલકે લશ્કરકા યા સબ લેકર ઘરકી રાહ ચલે
નહિં હાથી ઘોડે સંગ ગયે નહિં તખ્ત છતર હમરાહ ચલે
સબ જીતે જીકે ઝગડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસે આકર કામ પડા સબ કિસ્સે કઝીયે પાક હુયે. ૫

યા હાકીમ યા મહદુમ હુયે યા આકિલ યા માકૂલ હુયે
યા ખાદીમ યા મખદુમ હુયે યા કાહિલ યા મજહૂલ હુયે
ઝરદાર હુયે સરદાર હુયે મરદુદ હુયે મકબૂલ હુયે
કુછ ઔર ન દેખા આખીરકો સબ અંત ઇસિમેં ધૂલ હુયે
સબ જીતે જીકે ઝગડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસે આકર કામપડા સબ કિસ્સે કઝીયે પાક હુયે. ૬

---

૫ આ દુનિયાની માયા ધન અને દોલતથી મોટા મોટા અમીર ઉમરાવો અને બાદશાહો બનીને બેઠા, પણ જ્યાં મર્ણની વેળા આવી એટલે બધાઓનો અભાવ થઈ ગયો, પછી મરણની સાથે નાતો હાથી ઘોડાએ સંગ કર્યો, કે નાતો તેમના તખ્ત અને છત્રો સાથે થયાં એ બધી ધમાલ જીવતાં સુધી; મરી ગયા પછી બધાએ કિસ્સા અને કજીયા પાક થઈ ગયા અર્થાત વિલાઇ જઇ ચૈતન્યરૂપ થઈ ગયા.

૬. મોટા હાકીમ અર્થાત અમલદાર થયા, મોટા માતબર થયા કે બુધીમાન થયા મોટા ઉપદેશક થયા કે મોટા બાદશાહ થયા, પણ મ્હોત આગળ બધાએ ધુળમાં મળી ગયા. પૈસાવાળા થયા કે મોટા સરદાર થયા પણ એ બધા જીવનાના ઝઘડા છે. છેવટે મરણ આ-

કર ઔર બખિલિ અહર હુયે યા બખશીસમેં તિરયાક હુયે
યા નખ્લ હુયે પુર મેવે કે યા ખાલી પાતોં ઢાક હુયે
યા ઉમ્ર ગુઝારી અશરતમેં યા સૌ ગમસેં ગમનાક હુયે
ફુલફુલ ભી ખાયે ગુલશનકે યા ગલીયોં કે ખાશાક હુયે
સબ જીતે જીકે ઝઘડે હૈ સચ પુછો તો કયા ખાક હુયે
જબ મૌતસે આકર કામપડા સબ કિસ્સે કઝીયે પાકહુયે. ૭

दुनिया.--६

યહ પીઠ અજબ હૈ દુનિયાંકિ ઔ કયા કયા જીન્સ એકઠ્ઠી હૈ
યહાં માલ કિસિકા મીઠા હૈ ઔ ચીઝ કિસિકી ખટ્ટી હૈ
કુછ પકતા હૈ કુછ ભુન્તા હૈ પકવાન મિઠાઇ પટ્ટી હૈ
જબ દેખા ખુબતો આખીરકો ન ચુલા ભાડન ભટ્ટી હૈ

વતાં બધાએ રાખવત થઈ ગયા અને બધાએ કિસ્સા અને કજીયા પાક થઇ ગયા.

૭. વેર અને કૃપણના વાપરી બધાઓની જોડે ઝેર કર્યું કે બક્ષીસ આપવામાં ઘણા ચાલાક કહેવાયા; મેવા મિઠાઇઓથી ભરપુર રહ્યા કે પછો ખાલી રહ્યા. જીંદગી બધી મોજમજા અને આરામમાં ગુજારી, કીંવા દુ:ખી અને શોકમય ગુજારી; અનેક ઉપવનોના ફુલ ફુલનો આહાર કર્યો, વા ગલીએ ગલી ટુકડા માગીને ખાધો, પણ એ બધી મારામારી જીવનાં સુધી છે. જ્યાં મર્ણ પ્રાપ્ત થયું એટલે બધા કીસ્સા અને કજીઆનો અંત આવ્યો.

ગુલશોર બબુલા આગ હુવા ઔ કિચડ પાની મિટ્ટી હૈ
હમ દેખ ચુકે ઇસ દુનિયાં કો યહ ધોખે કિસિ ટટ્ટી હૈ. ૧
કોઇ નાઝ ખરીદે હંસહસકર કોઈ તખ્ત બડા બનવાતા હૈ
કોઇ કપડે રંગી પહેને હૈ કોઇ ગુદડી ઓઢ જાતા હૈ
કોઇ ભાઇ બાપ ચચા નાના કોઈ નાની પૂત કહાતા હૈ
જબ દેખા ખુબતો આખીરકો ન રિશ્તા હૈ ન નાતા હૈ
ગુલશોર બબુલ: આગ હુવા ઔ કિચડ પાની મિટ્ટી હૈ
હમ દેખ ચૂકે ઈસ દુનિયાકો યહ ધોખે કીસી ટટ્ટી હૈ. ૨
કોઈ ફુલકે બયઠે મસનદપર કોઇ રોવે અપની દોલતકો

જગત—દોરંગી દુનિયા. ૬

૧. આ દુનિયા એક અજબ બજાર છે જેમાં અનેક ચીજો એકઠી થએલી છે તેમાં કોઇનો માલ મીઠો છે અને કોઇનો ખાટો છે. કોઇ પકાવે છે. કોઇ શેકે છે. અને કોઈ પકવાન મીઠાઇ બનાવે છે. પણ આખરે જોયું તો ચુલો કે ભઠ્ઠી કશુંજ નથી. જેમ આગ લાગવાની બુમ પડે અને આગ બુઝાતાં માટી અને કાદવ રહે છે તેજ રીતે આ દુનિયા એક ધોખાની ટટ્ટી અર્થાત ભુલવણીનો એક પડદો છે.

૨. કોઇ ખુશીની સાથે ગુલામગીરી સ્વિકારે છે અને કોઇ તો મોટું તખ્ત બનાવે છે. કોઈ રંગીન કપડા પેહેરીને ફરે છે અને કોઇ ગોદડી ઓઢીને જાય છે. ભાઇ બાપ કાકો દાદો વીગેરે કાઇ તો સંબધી કહેવરાવે છે પણ આખરે જોયું તો કોઈ સંબંધ કે સગાઇ કશુંજ રહેતું નથી. એવી આ દોરંગી દુનિયા એક મનુષ્યને ભુલાવામાં નાંખનાર ભુલવણી રૂપી અંતરપટ છે.

કોઇ બોલે અપના મુજસે લો ઔર મેરા હોસો મુજકો દો
કોઇ લડતા હૈ કોઈ મરતા હૈ કોઇ ઝઘડે હકપર નાહકકો
જબ દેખા ખુબતો આખિરકો કુછ લેના એક ન દેના દો
ગુલશોર બબુલા આગ હુવા ઔ કિચડ પાની મિટ્ટી હૈ
હમદેખ ચુકે ઇસ દુનિયાકો યહ ધોખે કિસિ ટટ્ટી હૈ. ૩
કોઇ ટોપી ટોપ બનાતા હૈ કોઇ બાંધફિરે ઇમ્મામા હૈ
કોઇ સાફ બરહના ફિરતા હૈ ન કપડા ન પૈજામા હૈ
કીનખાબ ગઝી ઔ ગાઢેકા નિત કિસ્મા હૈ હંગામા હૈ
જબ દેખા ખુબતો આખિરકો ન પગડી હૈ ન જામા હૈ
ગુલશોર બબુલા આગ હુવા ઔ કિચડ પાની મિટ્ટી હૈ
હમ દેખ ચુકે ઇસ દુનિયાકો યહ ધોખે કિસિ ટટ્ટી હૈ. ૪

---

૩. કોઇ તો ફુલીને ફાળકો થઇ પોતાની ગાદીએ બેસે છે, અને કોઇ તો રોઇ રહ્યા છે કે મારી પુંજી મને આપો; કોઈ એમ કહી રહ્યા છે કે મારૂં હોય તે મને આપો અને તમારૂં હોય તે તમે લ્યો એમ કોઈ લડે છે. કોઇ મર્ણને શરણુ થાય છે અને કોઇ ઠાલા ઝઘડા કરે છે. પણ આખરે જોયું તો લેવું ને આપવું કશુંજ નથી એવી આ દુનિયા ધોખાની ટટ્ટી અર્થાત ભુલાવો નાંખનાર એક અંતરપટ રૂપ છે.

૪. કોઇ તો મોટા ફકીર બની ટોપી અને મોટા ટોપો બનાવે છે અને કોઇ તો ઇમામ હુસેનનો કાળો રેંટો કમર પર બાંધી ફરે છે. કોઇ ખુલ્લા અંગે સફેત વસ્ત્ર ધારણ કરી ફરે છે, અને કોઇ તો સુરવાળ કે કપડું પણ રાખતા નથી. કોઈ કીનખાબ ગજીયાણી વીગેરે વીગેરે અમુલ્ય વસ્ત્રો ધારણ કરે છે પણ આખરે જોયું તો ન પાઘડી કે જામો કશુંજ રહેતું નથી એવી આ દુનિયા ભુલવણી રૂપ છે.

અબ કિસકા રંગ બુરા કહીયે ઔ કિસકા રંગ ભલા કહીયે
ઈક દમકી પીઠ લગી હૈ યહ અસ્ઓહ મઝા ચર્ચા કહીયે
યહ સૈર તમાશે દેખ નઝીર અબ જા કહીયે બેજા કહીયે
કુછ બાત નહિં બન આતી હૈ ચુપચાપ પહેલી કયા કહીયે
ગુલશોર બબુલા આગ હુઆ ઔ કિચડ પાની મિટ્ટી હૈ
હમ દેખચુકે ઈસ દુનિયાકો યહ ધોખે કિસિ ટટ્ટી હૈ. ૫

कनायत-७.

જો ફક્રમેં પુરે હય વહ હર હાલમેં ખુશ હય
હરકામમેં હરદામમેં હરજાલમેં ખુશ હય
ગર માલ દિયા યારને તો માલ મેં ખુશ હય
બે ઝર જો કિયા તો ઉસી અહવાલમેં ખુશ હય
અફ્લાસમેં ઔ બારમેં એક બાલમેં ખુશ હય
પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૧

---

૫. આમ છે ત્યારે કોનો રંગ સારો કહેવો અને કોનો રંગ ખરાબ કહેવો જ્યાં શ્વાસોશ્વાસ અર્થાત માત્ર દમે દમનો મેળો છે. માટે આ અજબ બજાર રૂપી દુનિયામાં નઝીર કહે છે કે સહેલ કરવી અને મૌન્ય ધારણ કરી દુનિયાના રંગને મિથ્યા માની સત્ય વસ્તુને ગ્રહણ કરવી.

સમભાવ. ૭

૧. જે ફીકરમાં પુરા મનુષ્યો છે તે દરેક સ્થિતિમાં ખુશી માને છે. દરેક કામમાં, દરેક નાણાની બાબતમાં, અને દરેક જંજાળમાં

ચેહરે પેં મલામત ન જીગરમેં અસરે ગમ
માથે પેં કહિ ચીન ન અબરૂ મેં કહીં ખમ
શીકવા ન ઝુબાંપર ન કભી ચશ્મ હુયે નમ
ગમમેં ભી વહી અએશ અલમ મેં ભી વહી દમ
હર બાત હર ઔકાત હર અફઆલમેં ખુશ હય
પુરે હય વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૨

ગર યારકી મરઝી હુઇ સરજોડ કે બયઠે
ઘરબાર છુડાયા તો વહી છોડ કે બયઠે
મોડા જીન્હે જીસરૂખ વહી મ્હું મોડકે બયઠે
ગુદડી સિલાઈ તો વહી ઓઢ કે બયઠે
દુખ દર્દ મેં આફાત મેં જંજાલ મેં ખુશ હય

તેઓ ખુશી રહે છે. કોઇ મિત્રે કંઈ માલ આપ્યો તો તેમાં પણ ખુશ રહે છે. આ પ્રકારના મનુષ્ય તેજ મર્દ અર્થાત મરદ–પુરૂષ કહેવાય છે. અને તેજ દરેક સ્થિતિમાં ખુશી રહે છે.

૨. જો કંઇ આફત કે વિપત્તિ આવી પડે તો જીગરમાં એટલે હૃદયમાં તેની અસર કે ચેહેરા અર્થાત મુખ પર ગ્લાની કે આબરૂમાં હાની કે શીરપર કદી આળ આવ્યું હોય તોપણ એની અસર તેમને થતી નથી. વાણીમાં પણ તેઓ નરમ કે આંખથી પણ લજ્જાયમાન દેખાતા નથી. હર્ષ અને શોકમાં સમાન રહી દરેક વાતે, દરેક સ્થિતિમાં અને દરેક હાલમાં તેઓ ખુશ રહે છે અને તેજ ખરો મરદ–પુરૂષ કહેવાય છે કે જે હમેશાં પ્રસન્ન રહે છે.

પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હુય. ૩

ગર ઉસને દિયા ગમ તો ઉસી ગમમેં રહે ખુશ
જીસતોર કહા ઉસને ઉસ આલમમેં રહે ખુશ
ખાનેકો મિલા તો ઉસી કમમેં રહે ખુશ
જીસ તરહે રખા ઉસને ઉસી દમમેં રહે ખુશ
અગર શાલ ઉઢાઈ તો ઉસી હાલ મેં ખુશ હુય
પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હુય. ૪

જીનેકી ખુશી ઔર ન મરનેકા ઝરા ગમ
ઈકસા હૈ ઉન્હે ઝીંદગી ઔ મૌતકા આલમ
વાકિફ ન બરસસેં ન મહીનેસેં વહ ઇકદમ
નહીં સબકી મુસીબત ન કભી રોઝકા માતમ
દીનરાત ઘડી પલ મોહસાલમેં ખુશ હુય

---

૩. એ મનુષ્યો તો કદી પોતાના પ્રિતમની એમ મરજી થઈ તો માથુ નીચુ નમાવીને બેસે છે. એણે કદાચ મ્હોં મરડયું તો તે મુખ મરડીને બેસે છે. અને કદાચ ગોદડી ઓઢાડી તો ઓઢીને બેસે છે; એમ દુખમાં દરદમાં દરેક આફતોમાં અને દરેક જંજાળમાં જે ખુશી અર્થાત આનંદ માને છે તેજ પુરા મરદ-પુરૂષ છે.

૪. જો કોઇએ શોક કરાવ્યો તો તેમાં આનંદ માને છે. જે પ્રમાણે પ્રભુ રાખે તેમ તે રહે છે. કદાચ તેને શાલ ઓઢાડીયે તો પણ તેમાં આનંદ માને છે તેજ પુરૂષ કહેતાં મરદ કહેવાય છે કે જે દરેક સ્થિતીમાં આનંદ માને છે.

પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૫
ગર ઉસને ઓઢાયા તો લિયા ઓઢ દુશાલા
કમ્મલ જો દીયા તો વહી કાંધપેં હૈ આલા
ચાદર જો ઉઢાઈ તો વહી હો ગઇ બાલા
બંધવાઇ લંગોટી તો વહી હંસકે સમાલા
પોશાકમેં દસ્તારમે રૂમાલમેં ખુશ હય
પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૬
કુછ ઉન્કો તલબ ઘરકી ન બાહેરસેં ઉન્હે કામ
અસ્થલકી હવસ દીલમેં ન મંદીરસેં ઉન્હે કામ
તકીયેકી ન ખ્વાયશ હૈ બિસ્તરસેં ઉન્હે કામ
મુફ્લિસસેં ન મતલબ તવંગરસેં ઉન્હે કામ
મૈદાનમેં બાઝારમેં ચોપાલમેં ખુશ હય

---

૫. જેને જીવવાથી ખુશી પણ થતી નથી, અને મરવાથી જરા પણ ખેદ થતો નથી તેને તો જીંદગી બધી સમાન છે. અને મર્ણ તો હક્ક છે એટલે હકથી મર્ણને શર્ણ થવાનું છે એમ તેઓ સમજે છે. વરસ મહીના કે ઘડી પલથી તેને કશું કામ નથી. ને કોઇ જીંદગીના રોજના સુખનું તેને કશું પણ ભાન નથી. દીવસ રાત ઘડી અને ક્ષણેક્ષણ તેના હાલમાં જે ખુશ છે તેજ પુરો મર્દ—પુરૂષ છે.

૬. જો ઇશ્વરે દુશાલો આપ્યો તો તે ઓઢી લીધો. કામળ આપી તો તે ખાંધ પર નાખી લીધી; ચાદર ઓઢાડી તો તે ઓઢી; અને લંગોટી કોઇએ મરાવી તોતે મારી લીધી આ પોશાકમો કે રૂમાલમાં ગમે તેમાં ખુશ રહે છે એજ ખરા મરદ—પુરૂષ કહેવાય છે.

પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૭

ઈન કે તો જહાંમેં અજબ આલમ હૈ નઝીર આહ
અઝ અયેસેતો દુનિયામેં વલી કમ હૈ નઝીર આહ
કયા જાને ફરિશ્તે હૈ કિ આદમ હૈ નઝીર આહ
હર વખ્ત ઔ હર આનમેં ખુર્રમ હૈ નઝીર આહ
જીસ હાલમેં રખ્ખા વહ ઉસી હાલમેં ખુશ હય
પુરે હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ હય. ૮

---

૭. તેમને ઘરનીએ તૃષ્ણા નથી કે બહારની સાથે પણ તેમને કામ નથી. કોઇ જગાની તેમને જરૂર નથી કે મંદીરનું તેમને કામ નથી. તકીયો કે બીછાનું કંઇપણ તેમને જોઇતું નથી. ગરીબ કે તવંગર ગમે તે હો પણ તેની જોડે તેમને સંબંધ નથી. મેદાનમાં પડયા તોએ શું અને બજારમાં કે ચોગાનમાં પડયા તોએ તેમને કશી દરકાર નથી એજ ખરા મરદ-પુરૂષ કહેવાય છે.

૮. એમને તો જગતમાં દુનિયા એક પરમેશ્વરની અજબ લીલા રૂપ ભાસે છે એવી દૃષ્ટિથી જોનારા આ જગતમાં ઘણા થોડા હોય છે. પછી તેઓ ફરિસ્તા અર્થાત દેવ છે કે મનુષ્ય તે કોને ખબર? દરેક ઘડીએ તેઓ ખુશ રહે છે, જેવી રીતે ઇશ્વર રાખે તેવી રીતે રહે છે તેજ ખરા મરદ-પુરૂષ કહેવાય છે કે જે સદા ખુશ રહે છે.

कलियुग-८.

દુનિયા અજબ બાઝાર હય કુછ જીન્સ હ્યાંકી સાથલે
નેકીકા બદલા નેક હૈ બદસે બદીકી બાતલે
મેવા ખીલા મેવા મિલે ફલફુલ દે ફલપાતલે
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફિક્ર કરો બાબા. ૫

---

૪. આ મનરૂપી ઘોડો બહુ કુદ્યો અને ઘણો ઉછળ્યો હવે અંતકાલ આવ્યો સમજી તે મન રૂપી અશ્વને કોયડા મારી બરાબર કાબુ કરો. પેહેલાં તમે પરાયો માલ લાવી લાવીને એકઠો કરતા હતા હવે તમારા પોતાના તનરૂપી માલનો ઢગલો થયો. તમારો દેહ રૂપી ગઢ તુટયો અને બધું લશ્કર નાસી ગયું, જેથી તમારી સમશેર અર્થાત તલવાર મ્યાન કરી ઘો? કારણ કે તમે લઢાઇ હારી ચુક્યા છો. પછી નાસી જવામાં વાર શા માટે કરો છો? હવે શરીર સુકાઇ દુર્બળ થઇ ગયું છે. માટે ઘોડાપર જીન નાંખો અને મોતનું નગારૂં વાગી ચુક્યું જેથી પ્રવાસની તૈયારી કરો.

૫. માથું હાલવા લાગ્યું, વાળ ચાંદી જેવા સફેત થયા, મ્હોં પોહોળું થઇ ગયું, શરીરે વાંકા વળી ગયા, કાન બેહેરા થઈ ગયા, અને આંખોમાં હવે ઝાંખ વળવા લાગી; નીંદ્ર ઓછી થઇ અને

યહ પાંવ ઘસિટ કર ચલનેસે, મત રસ્તેકો હૈરાન કરો
ઔ પોપલે મ્હુંસે રોટીકો, મત મલ મલ કર હલકાનકરો
અબ આપ હુયે તુમ પાનીસે, મત પાનીકા નુકસાન કરો
કુછ લાભ નહિં હૈ જીનેમેં, અબ મરનેસેં પહિચાન કરો
તન સૂખા કુબડી પીઠ હુઇ, ઘોડેપર ઝીન ધરો બાબા
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફિક્ર કરો બાબા. ૬

ગર અચ્છી કરની નેક અમલ તુમ દુનિયાસેં લે જાઓગે
તો ઘરભી અચ્છા પાઓગે, ઔ સુખસે બૈઠકે ખાઓગે
ઔ ઐસી દૌલત છોડ કે તુમ, જો ખાલી હાથોં જાઓગે

ભુખ મરી ગઇ; ચિત આળસુ થઇ ગયું અને અવાજ અર્થાત ઘાંટો પણ મંદ થઇ ગયો. જે થવાનું હતું તે આમ થઇ ગયું અને અવસાનની ઘડી નજીક આવીને ઉભી રહી. માટે ઘોડાપર જીન મુકી ચાલવા માંડો ? મૌતનું નગારૂ વાગી ચુક્યું છે માટે તે પ્રવાસની ફીકર કરી ને ચાલો ?

૬. પગ ઘસડતે ઘસડતે ચાલીને રસ્તાને હેરાન કરો છો તે ન કરો. અને દાંત પડી ગયા છતાં બોખે મ્હોંડે રોટલો ચાવો છો પણ તેને નકામો મોંમાં મમળાવીને તેને હલકો ન કરી નાંખો. તમે પાણી જેવા થઈ ગયા પછી હવે પાણીનુ નુકશાન કરવું ઘટતું નથી. કારણ કે હવે જીવવામાં લાભ નથી માટે મરવાની ઓળખાણ કરો. શરીર સુકાઇ ગયું અવસાન આવ્યો હવે ઘોડાપર જીન મુકી ચાલવા માંડો, કારણકે મરણનું નગારૂં વાગી ચુક્યું માટે પ્રવાસનીજ ચિંતા કરી ચાલવા માંડો.

કુચ્છ નહિં બન આવેગી, ઘબરાઓગે પછતાઓગે
તનસૂખા કુબડી પીઠ હુઇ, ઘોડેપર ઝીન ધરો બાબા
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફિક્ર કરો બાબા. ૭

યહ ઉમ્રજીસે તુમ સમજેહો, યહ હરદમ તનકો ચુન્તી હૈ
જીસ લકડી કે બલ બૈઠેહો, દિન રાત યહ લકડી સુન્તીહૈ
તુમ ગઠરી બાંધો કપડેકી, ઔ દેખ અજલ સર ધુન્તીહૈ
અબ મૌત કફનકે કપડેકા, હ્યાં તાના બાના બુન્તી હૈ
તન સૂખા કુબડી પીઠ હુઇ, ઘોડેપર ઝીન ધરો બાબા
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફિક્ર કરો બાબા. ૮

૭, સારી કરણી પ્રમાણીકતા નીમકહલાલીપણું જો દુનીયામાં આવીને લઇ જશો તો પરમેશ્વરને ત્યાં પણ સારૂં ઠેકાણું મળશે અને સુખેથી બેસીને ખાશો. અને એ દોલત અર્થાત સારી કરણી મુકીને જશો નહીં તો અંતકાલે કશું બનશે નહીં અને ગભરાઇને પસ્તાશો. માટે હવે શરીર દુર્બળ થયુ ઘોડાપર જીન મુકી ચાલવા માંડો કારણ કે મોતનું નગારૂં વાગો ચુકયું છે. ચાલવાની ફીકર કરો.

૮. તમે જેને આયુષ્ય સમજો છો તે હમેશાં શરીરને ખાય છે. અને જે લાકડીના બળના આધારે તમે બેઠા છો તે રાત દીવસ બોલે છે. તમે કપડાની ગાંસડી બાંધો કે જે મરણ જોઇને ધુણ્યા કરે છે. મરણ વખતે કફનના કપડાના તાણા વાણા બધાએ નરમ થઇ ગયા છે કારણકે શરીર સુકાઇ ગયું ઘોડાપર જીન મુકો મોતનું નગારૂ વાગી ચુકયું છે માટે ચાલવાની ફીકર કરો.

ઘરબાર રૂપયે પૈસેમેં મત દિલકો તુમ ખુર્સન્દ કરો
યા ગોર બનાઓ જંગલમેં યા જમુનાપર આનંદ કરો
મૌત આન લુટારેગી આખિર કુછ મક્ર કરો યા ફન્દ કરો
બસ ખુબ તમાશા દેખ ચુકે, અબ આંખે અપની બંદકરો
તન સૂખા કુબડી પીઠ હુઈ ઘોડેપર ઝીન ધરો બાબા
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફિક્ર કરો બાબા. ૯

યહ ઉંટ કડાઇકા યારો સંદુક જનાઝા અર્થી હૈ
જબ ઇસપર હો અસવાર ચલે ફિર ઘોડા હૈ નાહસ્તીહૈ
કિસ નિંદ પડે તુમ સોતે હો, યહ બોજ તુમ્હારા ભારીહૈ
કુછ દેર નહિં અબ આહ નઝીર, તૈયાર ખડી અસવારી હૈ
તન સૂખા કુબડી પીઠ હુઇ, ઘોડાપર ઝીન ધરો બાબા
અબ મૌત નકારા બાજ ચુકા, ચલનેકી ફીક્ર કરો બાબા.૧૦

---

૯. ઘરબાર ધન ધામ ધરા અને દોલતમાં મોહી ન રહેતાં જંગલમાં જઇને બેસો કે જમુના નદીપર પર્ણ કુટી બનાવી તેમાં આનંદ કરો. કારણ કે મૌત એક લુટારારૂપ છે જે આખર હરેક બ્હાને હરેક ફંદે તમને લેઇ તો જશેજ એમાં શક નથી. માટે તમે મનથી એમજ જાણજો આ દુનિયાની ઘણી લીલા જોઇ હવે આંખો બંધ કરી દેવી એજ યોગ્ય છે. શરીર શુષ્ક થયું માટે ઘોડાપર જીન મુકો કારણકે મોતનું નગારૂં વાગી ચુકયું પ્રયાણની તૈયારીની ચીંતા રાખો.

૧૦. જ્યારે કાલ આવ્યો ત્યારે આ મનરૂપી ઉંટ ઉપર અસવાર થઇને ચાલ્યા કે પછી ઘોડા કે હાથીનું કામ નથી. શા માટે

साफ दिल--२३

જીતને તુ દેખતા હૈ યહ ફ્લ ફૂલ પાત બેલ
સબ અપને અપને કામકે હૈ કર રહે ઝમેલ
નાતા હૈ યાં સો નાથ જો રિશ્તા હૈ સો ન કેલ
જો ગમ પડેસો ઉસ્કો તુ અપનેહી તનપે ઝેલ
ગર હૈ ફકીર તો તુ ન રખ યાં કિસિસે મેલ
યાં તૂંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૧

તમે તેથી ઉંત્રમાં ઉંચો છો કારણુ કે ઘોડા ઉપર લઇ જવાય તેટલો બોજો નથી પણુ તેનાથી ભારે છે. માટે મહાત્મા નઝીર કહે છે કે તમારે માટે જોઇતું વાહન તૈયાર છે. કારણુ કે શરીર છેક આવી રહ્યું છે ઘોડાપર જીન મુકો મોતનું નગારૂં વાગી ચુકયું છે ને તેથી કરીને હવે ચાલવાની ફિકર રાખી પ્રયાણુ કરો.

સ્વચ્છ હૃદય—૨૩.

૧. આ જગતમાં તમે જેટલા ફુલ ફળ પાંદડા અને વેલાઓ જુઓ છો તે બધા પોત પોતાના કામમાં જમાવ કરીને રહ્યાં છે. નાતો અર્થાત સબંધ કિંવા રીસ્તો અર્થાત રૂઢી કોઈનો રાખ્યો રેહેતો નથી. પોતાને જેમ ઠીક લાગે તેમ પોતાને સંબંધ અન્યની સાથે પાડવાનો છે. માટે તું જો સાચો ફકીર સાધુ હોય તો કોઇની જોડે મેલ અર્થાત કપટ રાખીશ નહીં. તુમડી કે વેલો કંઇ કામમાં આવનાર નથી. જો પોતાના જોખમ ઉપર બેસીશ.તોજ કામ આવશે.

યહ સુરતેં જો દેખે હે મત ઈનસેં દીલ લગા
બરેં યહ સૂતિયાં ઇન્હેં અયે યાર મત જગા
શજરા કુલાહ ફેંક ઉડાદે ઝકા લગા
આગેકો છોડ નાથ ન પીછે કો રખ પગા
ગર હે ફકીર તો તુ ન રખ યાં કિસિસે મેલ
યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૨

જબ તૂ હુઆ ફકીરતો નાતા કિસિસે કયા
છોડા કુટુમતો ફિર રહા રિશ્તા કિસિસે કયા
મતલબ ભલા ફકીરકો બાબા કિસિસે કયા
દિલબરકો અપને છોડકે મિલના કિસિસે કયા
ગરહે ફકીર તો તુ ન રખ હ્યાં કિસિસે મેલ
હ્યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૩

---

૨. સંબંધ પ્રિતિ નાતો વીગેરે જેનાથી બાંધવાનું તને મન થાય છે તેથી તારૂ દીલ જોડીશ નહીં. કારણુ કે તેઓની જોડે પ્રીતી કરવાથી કંઇ માલ નથી. એ સંબંધ નાતો વીગેરે બધુ દુર કરી નાંખ અને સર્વ તૃષ્ણા મુકીદે. જો સાચો ફકીર હોય તો કોઇથી કપટ રાખીશ નહીં. તુમડી કે વેલો કોઇ તારનાર નથી.

૩. જો ફકીર કીંવા સાધુ થયા તો પછી કોઇની સાથે સંબંધ શા માટે હોવો જોઇયે. કુટુબંની સાથે મતલબ થી રહી. પછી તો એક પરમાત્મા જે પોતાનો દીલબર સ્નેહી તેના સીવાય બીજાને મળવું પણુ શું કામ જોઇએ. મ કે ફકીર હોય તો મેલ કોઇથી રાખ્યા વગર તારા શીરપર એ બધો ખેલ છે એમ સમજ જે.

તેરી ન યહ ઝમીન હૈ નહિં તેરા આસમાં
તેરા ન ઘર ન બાર ન તેરા યહ જીસ્મો જાં
ઉસકે સિવાકિ જીસપે હુઆ તૂ ફકીર હ્યાં
કોઇ તેરા રફીક ન સાથી ન મહેરબાં
ગર હૈ ફકીર તો તૂ ન રખ યાં કિસિસે મેલ
યાં તૂંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૪

દેતાં હૈ દિલકો અપને તો દે ઉસ કિસિકો હાત
જીસ યારસે કિ હો તેરે જીતે મુયેકા સાત
ઔ યહ જો તુજસે કરતે હૈ મિલમિલકે મીઠી બાત
મારા પડેગા દેખ ન ખા ઇનકી આત ઘાત
ગર હૈ ફકીર તો તૂ ન રખ યાં કિસિસે મેલ
યાં તૂંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૫

---

૪. જો આતારી જમીન નથી અને આ આકાશ પણ તારૂં નથી ઘરબાર તારાં નથી તેમ આ તારા પ્રાણ તે તારા નથી. મહાત્મા નઝીર કવિ કહે છે કે તું ફકિર થયો પણ તે પરમાત્મા સિવાય આ દુનિયામાં તારો સાથી, તારો પ્રેમી, કે કોઇ તારો મેહરબાન નથી. માટે ફકીર થઈ કોઇથી મેલ રાખીશ નહિં. તારા પોતાના ઉપર આધાર રાખજે એ ખેલ તારે માથે છે.

૫. જો કોઇને તું તારૂં મન આપે તો માત્ર તેનેજ તારો હાથ આપ જે યાર તે મિત્ર એવો છે કે તે તારો જીવતા મુવાનો સંગાથી થશે. આ જગતમાં તારી પાસે આવાને જે મીઠી મીઠી વાતો કરનારા છે તેઓથી વધારે છેડછાડ રાખીશ તો માર્યો જઈશ માટે

યહ ઉલ્ફતેંકી સાથ તેરે આઠ પહર હૈ
યહ ઉલ્ફતેં નહિં હૈ મેરે યાર કહર હૈ
જીતને યે શહેર દેખે હૈ જાદુકે શહર હૈ
જીતની મીઠાઇયાં હૈ ભરે ઇસ્મે ઝહર હૈ
ગર હૈ ફકીર તો તૂ ન રખ યાં કિસિસે મેલ
યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૬

ખુબાં કે યહ જ. ચંદસે મુંહપર ખુલે હૈં બાલ
મારા હૈ તેરે વ ર ો સૈયાદને યહ જાલ
યહ બાલ બાલ અબ હૈં તેરે જાનકા વબાલ
ફંસિયો ખુદાકે વાસ્તે ઇસમેં ન દેખ ભાલ
ગર હૈ ફકીર તો તૂ ન રખ યાં કીસીસે સેલ
યા તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ ૭

ફકીર થયા પછી કોઈથી મેલ રાખીશ નહિ એ ખેલ તારા શિરથી તારે ખેડવાનો છે.

૬. જે જે વસ્તુમાં આઠે પોહોર તું પ્રીતી રાખી રહ્યો છે પણ તે પ્રિતિ દુખ છે પ્રિતિ નથી. જેટલા શહેરો તું જુએ છે તે બધા જાદુના શહેરો છે અને જેટલી મીઠાઇઓ તું ખાય છે તે બધી ઝેર જેવી છે. માટે ફકીર થયો તો કોઇથી કપટ મેલ રાખીશ નહિ તું આ ખેલ બધો તારે પોતાના શીરે સમજજે.

૭. જો તારા વાળ ચાંદી જેવા થઇ ગયા છે તેને તારા અંતકાલનું તેડું સમ જે તારા પ્રાણ પરમેશ્વરને ઓળખવા માટે છે જાણી કશામાં ફસાઇશ નહિં. ફકીર થયા પછી કોઇની જોડે

જીસકા હૈ તુ ફકીર ઉસિકો સમજ તુ યાર
માંગે તો માંગ ઉસ્સેહી કયા નકદ કયા ઉધાર
દેવે તો લે વહી જો ન દેવે તો દમ ન માર
ઉસકે સિવા કિસિસે ન રખ અપના કારોબાર
ગર હૈ ફકીર તો તૂ ન રખ યાં કિસીસે મેલ
યા તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૮

દુનિયા ઇસે ન જાન યહ દરિયાય લહરદાર
લાખો મેં ઇસ્મેં કોઇ ઉતરકર હુઆ ન પાર
જબ તૂ બહા તો ફિર ન મિલેગા તુજે કિનાર
વલ્લાહ યહાં ન નાવ ન વલ્લી હૈ મેરે યાર
ગર હૈ ફકિર તો તુ ન રખ યાં કિસિસે મેલ
યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ ૯

કપટ રાખીશ નહીં. તારી જાતે તારા શીર ઉપર આ સઘળો ખેલ સમજજે.

૮. જે પરમેશ્વરના નામપર તે ફકીરી લીધી તેને જ માત્ર ઓળખજે કાંઈ પણ નગદ કે ઉધાર જે તારે માગવું હોય તે તેની પાસે માગજે. જે જે તે પ્રભુ આપે તે લેજે અને ના આપે તો તારા મનને મારજે પણ પરમાત્મા સિવાય કોઇની સાથે તુ તારો કારો બાર રાખીશ નહિં. માટે જો ફકીર હોય તો અહીં કોઇથી કપટ કે મેલ રાખીશ નહીં. તુંબડી કે કશાનો આધાર રાખીશ નહિ તુ તારી જાત-પર બધા આખેલ છે એમ સમજજે.

૯. હે ભાઇ તુ આને દુનિયા નહીં જાણતાં એક તરંગો આર્ણવ

દુનિયા ન કહુ ઈસ્સે યહ તિલ્સમાત હૈ મ'યા
યહ જાનબેર યહ બાગ યહ ગુલઝાર યહ મકાં
શકલે જો દેખતા હૈ યહ જાદૂકી હૈ અયાં
સબ કુછ તેરે તઈ હૈ યહ ધોખેકી ટટ્ટીયાં
ગર હૈ ફકીર તો તૂ ન રખ યહાં કિસિસે મેલ
યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ ૧૦

ક્યાં ફાયદા અગર તુ હુઆ નામકા ફકીર
હોકર ફકીર તો ભી રહા જાલમેં અસીર
ઐસાહી થા તો ફક્કો નાહક કિયા પઝીર
હમ તો ઇસિ સખુન કે હૈ કાયલ મિંયા નઝીર

મોજાંઓથી ભરેલો દરીયો જાણજે લાખો તે દરીયામાં પડ્યા પણ કોઇ પણ પાર ઉતરી શક્યા નહીં. અને તું પણ જો તેમાં પડી તે દરીયાના પ્રવાહમાં વહીશ તો પછી તને પણ કીનારો જડનાર નથી. માટે ફકીર થયો તો મનનો મેલ દુર કરી તુંબડાએ તારનાર નથી કે કોઇ નથી એ બધાં ખેલ તારા શીર ઉપર છે.

૧૦. એને દુનિયા કહીશ નહીં પણ પરમાત્માની જાદુઇ કુદરત છે એમ જાણજે. આ જાનવરો આ બાગ બગીચાઓ અને મકાનો તે બધા જે જે તું તું જુએ છે તે બધાને જાદુરૂપ જાણજે. ઘડીમાં આવી ઘડીમાં બીજુ થઈ જવાનું, અને તું સત્ય માની બેઠો હશે તેનો મનમાં ધોખો પશ્ચાતાપ થવાનો માટે ફકીર થઈ મનનો મેલ દુર કરી તારે પોતેજ બધુ કરવાનુ છે તે નકી જાણજે.

ગર હૈ ફકીર તો તૂ ન રખ યઝાં કિસિસે મેલ
યાં તુંબડી ન બેલ પડા અપને સિરસે ખેલ. ૧૧

सखावत–२४.

ઝરદાર હૈ તો હરગિઝ મત માર અપને મનકો
તનઝેબ તનસુખોંસેં તરસા ન અપને તનકો
જો નર ચલન ચલેં સબ ચલ તૂ ભી ઉસ ચલનકો
મુર્શિદ કા હૈ નુકતા રખ યાદ ઈસ સખુનકો
દિલકે ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હૈ તુ આશિક કૌડી ન રખ કફનકો ૧

---

૧૧. જો તું નામનો ફકીર થયો તેમાં શું વળ્યું. ફકીર થયો તો પણ ઉપાધીમાં લપટાઇ રહ્યો અને ફીકર ને વૃથા વ્હોરી લીધી. મહાત્મા નઝીર કવિ કહે છે કે હું તો ઉપાધીથી ઘણો કાયર છું ને મને તેનાથી અળગા રહેવું ગમે છે. માટે ફકીર થઇ કપટ રાખ્યા વગર તારા પોતાને શીર આ સઘળો ખેલ સમજજે.

ઉદારતા—૨૪.

૧. જો તુ પૈસાવાળો છે તો તારા મનને મારીશ નહિ. અને તારા તનને તરસાવીશ નહીં. જે નરોનું ચલણ છે તેવું તુ તારૂં ચલણ રાખજે એજ મહાત્માઓના વચનને તુ યાદ રાખજે પોતાના દીલની ખુશીને માટે ગમે તે કરજે અને જો પુરે પુરો મરદ હોય તો તારા કફન માટે એક કોડી પણ પાસે અનામત રાખીશ નહીં.

જા બૈઠ મૈં કદોમેં સબ દર્દો ગમસેં હટકર
ઝમખા ગુલાબી મૈકે પ્યાલે ઉલટ પલટ કર
મહબુબ દિલબરોસેં ખુશ હો લિપટ લિપટ કર
પી દુધ ઔર બતાશે મેવે મિઠાઈ ચટકર
દિલકે ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હૈ તુ આશિક કૌડી ન રખ કફનકો ૨

યહ ન્યામતેં હૈ જીતની જો કુછ મિલે સો ખાજા
તાશ ઔર બાદલે મેં ઇકબાર જગા મગાજા
પાપી બખીલ મત બન દાતા સખી કહાજા
ઇકદમ તુ અપના ડંકા મનમાનતા બજાજા
દીલકે ખુશીકે ખાતિર ચક ડાલ. માલ ધનકો
અગર મર્દ હૈ તુ આશિક કૌડી ન રખ કફનકો. ૪

---

૨. બધાં દર્દો અને દીલગીરીથી દુર થઇને પ્રસન્નતા પૂર્વક પ્રભુનુ સ્મરણ કરજે જેથી તારા જીવનરૂપી ગુલાબનો ગુચ્છ અત્યંત સુવાસ પ્રસરાવશે તારા પ્રેમ પાત્ર પુરૂષોને ભાવ પૂર્વક ભેટ અને દુધમાં પતાસાં નાંખીને તથા મેવા મીઠાઇઓ ખૂબ ખા. એ સઘળું પોતાના દીલની ખુશીને માટે કરવાનું છે માટે ખૂબ આનંદ કર જો ખરો મરદ હોય તો તારા કફન માટે એક કોડી પણ રાખીશ નહીં.

૪. આ જગતમાં જેટલી ઉત્તમ વસ્તુઓ છે તે જે મળે તે ખાઇ જા. અને આ જગતમાં એકવાર તું તારો દાતા કહેવરાવી પ્રકાશ આપ? પાપી, કંજુસ થયા વગર દાતાર બનો જગતમાં તારો

સદુંક મેં જો ઝર હય ઉસકો ભી લે ગીન વાદે
મચકી ભડાકે નાલી તબલોંકુ ખડખડાદે
કોઠી મકાં હવેલી સબ ખોદ કર ખીલા દે
કડીયોં તલક જલા દે ઇંટો તલક ઉડા દે
દીલકે ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હે તૂ આશિક કૌડી ન રખ કફનકો. ૫

જો જો બખીલ કફન ઝર છોડ કર મરેગા
યા ખાયગા ગંવાયગા યા ખાલસા લગેગા
તેરા વોહી હે જો કુછ રાહે ખુદામેં દેગા
ખાના ખિલાના હસના તો ભી સદા રહેગા
દિલકે ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હય તુ આશિક કૌડી ન રખ કફનકો. ૬

ડંકો વગાડ? કારણ કે જગતમાં દીલની ખુશીને માટે બધો ધન માલનો ઉપયોગ કરવાનો છે અને તું પુરો મર્દ હોય તો તારા કફન માટે પણ એક કોડી રાખીશ નહીં.

૫. પટારામાં જે ધન ભર્યું હોય તે લઇને કોઇને ગણી આપ કોઠી મકાન હવેલી વીગેરે ખોદીને તેનું ધન પેદા થાય તે ખવરાવી દે અને કડીયો સુધા બાળીને તથા ઇંટો સુધી વેચી નાંખી ખવરાવી દે. પોતાના દિલની ખુશીની ખાતર નઝીર કવિ કહે છે કે હે પ્રાણી જો તું ખરેખરો દાતાર હોય તો તારા કફનને માટે એક કોડી પણ પાછળ ન રાખીશ.

૬. જે જે કંજુસ મખીચુસ માણસ છે તે પોતાનું ધન જો-

ગર આ પડેગા તુજપર કુલ હાદસા ખલલકા
આગેસે હૈ દીલાકે તુ હો રહે ઉસ્સે હલકા
માલિક ફિર ઓર કોઇ ઠહરેગા તેરે દીલકા
કર ફિક્ર અપને દીલમે કુછ આજકા ન કલકા
દિલકે ખુશીકી ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હૈ તૂ આશિક કૌડી ન રખ કફનકો ૭

જીસ્ને યે ઝર દીયા હૈ ફિર વોહી ધન ભી દેગા
માલોં મકાં હવેલી બાગો ચમન ભી દેગા
જીતા રહેગા જબતક ખાનેકો અન્ન ભી દેગા
મર જાવેગા તો વોહી તુજકો કફન ભી દેગા.

ડીને મરવાના પછી તેનું ધન પોતે ખાશે નહીં તો ગુમાવશે વા ખાલસા થઇ જવાનું. તારૂં તેજ રેહશે કે જે પરમેશ્વરનું આપેલું હશે. ખાઇશ ખવરાવીશ અને હસીસ તો તારૂં જન્મનું સાર્થક થયું ગણાશે. માટે દીલની ખુશીની ખાતર તું ખરેખરો દાતાર હોય તો તારા કફનને માટે એક કોડી પણ પાછળ ન રાખીશ.

૭. જો તારા ઉપર ગેબનો અકસ્માત-ગોળો આવશે તે ઘડીએ તે તારૂં ધન કંઇપણ કામ નહીં આવે માટે આગળથી ચેતીને તું આપીને કે અપાવીને ધનથી હલકો થઇને રહે. આજ કે કાલની બીલકુલ ફીકર કરીશ નહિં. પોતાના દીલની ખુશીને માટે બધું ધન ઉડાવી અમન ચમન કર અને તારા કફન સુદ્ધાની પણ દરકાર કરીશ નહિં.

દીલકી ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હય તૂ આશિક કૌડી ન રખ કફનકો   ૮

જીતને ગડે દબે હૈ સબ ખાલે ઐાં ખિલાલે
રખ ધુન ઉસિકિ દીલમેં અબ ખાલે ઐા ખિલાલે
અપના સમજ ઉસીકો જબ ખાલે ઐા ખિલાલે
અબ તો નઝીર તુ ભી સબ ખાલે ઐા ખિલાલે
દીલકે ખુશીકે ખાતિર ચખ ડાલ માલ ધનકો
ગર મર્દ હૈ તુ આશિક કૌડી ન રખ કફનકો.

---

૮. જેણે આજ ધન આપ્યું છે તે તને કાલે પણ આપશે. માલ મકાન બાગ હવેલી બધુ તને આપશે. જ્યાં સુધી હે પ્રાણી તુ જીવતો રહીશ ત્યાં સુધી તને અનાજ પણ તે આપશે. અને મરી જઈશ તો તને તે પરમાત્મા કફન પણ આપશે. માટે દીલની ખુશીને વાસ્તે તારી પાસેનું ધન ઉડાવી મોજ મજા કરજે અને જો મર્દ હોય તો તારા કફન સુદ્ધાં ને માટે એક કોડી પણ રાખીશ નહિં.

૯. જેટલુ દાટેલું કે દાબી રાખેલું તારી પાસે ધન હોય તે ખાઇ જા કે ખવરાવી દે તે પરમાત્માની ધુન હમેશાં મનમાં રાખજે. જે ખાય કે ખવરાવતો હોય તેને પોતાનો સમજ જે માટે નઝીર પોતાને કહે છે કે હે નઝીર તારી પાસે હોય તે પણ ખાઇ જા કે ખવરાવી દે. દીલની ખુશીની ખાતર માલતાલ ખાજે અને પુરો મર્દ હોય તો કફન સુદ્ધાંને માટે એક કોડી પણ રાખીશ નહિં.

लडकपन—२६.

કયા દીનથે યારો વો ભી જબકે ભોલે ભાલે
નીકલેથે દાઈ લેકર ફિરતે કભી હવાલે
ચોટી કોઇ રખાલે ચડડી કોઇ પેન્હા લે
હંસલી ગલે મેં ડાલી મન્નત કોઇ બઢાલે
મોટે હો યા કિ દુબલે ગોરે હો યા કિ કાલે
કયા એશ લૂટતે હૈ માસૂમ ભોલે ભાલે. ૧

દીલમેં કીસીકી હરગિઝ ના શરમ ના હયા હૈ
આગા ભી ખુલ રહા હૈ પીછા ભી ખુલ રહા હૈ
પહેને ફિરે તો કયા હૈ નંગે ફિરે તો કયા હૈ
યહાં યું ભી વાહવા હૈ ઔર વું ભી વાહવા હૈ
કુછ ઇસ તરહસે લે ઔ કુછ ઉસ તરહસે ખાલે
કયા ઐશ લૂટતે હૈ માસૂમ ભોલે ભાલે ૨

બાળપણ—૨૫.

૧. એવો પણ વખત હતો કે જ્યારે ભોળી અજ્ઞાત અને નિ-દોષ બાલ્યાવસ્થામાં દીવસો ગુજરતા હતા. દાઇ તેડીને નીકળતી હતી વા દોડતા ફરતા હતા. કોઇ ચોટલી રખાવતું હતું કોઇ ચડ્ડી પેહેરાવતું હતું. કોઇ હાંસડી ગળામાં નાંખતું હતું વા કોઇ માનના માનતું હતું. જાડા કે દુબળા વા ગોરા કે કાળા હતા પણ બાલ્યાવસ્થામાં ભોળા ભલા અમે બાળક હતા ત્યારે આનંદ કરતા હતા.

૨. કોઇની તેમના હૃદયમાં બીકકે શરમ નથી. આગળ પાછળ

મર જાવે કોઇ તોભી કુછ ઉનકો ગમ ન કરના
ના જાને કુછ બીગડના ના જાને કુછ સંવરના
ઉનકી બલાસે ઘરમેં હો કયેદ યા કિ ગીરના
જીસ બાતપર યે મચલે ફ્રિર વોહી કર ગુઝરના
મા ઓઢનેકો ઔ બાબા પગડીકો બેચડાલે
ક્યા ઐશ લૂટતે હે માસૂમ ભોલે ભાલે ૩

જો કોઇ ચીઝ દેવે નિલ હાથ ઓટતેં હય
ગુડ બેર મૂલિ ગાઝર લે મુંમે ઘોંટતે હય
બાબાકી મૂછ માડી ચોટી અસોંટતે હય
ગરદોં મેં એંટ રહે હે ખટકો મેં લોટતે હય
કુછ મીલ ગયા સો પીલે કુછ બન ગયા સો ખાલે
ક્યા ઐશ લૂટતે હૈ માસૂમ ભોલે ભાલે ૪

ખુલ્લુ શરીર છે. પેહર્યું તોયે શું અને નાગા ફર્યા તોપણ શું ? એમ પણ વાહ વાહને આમ પણ વાહ વાહછે. આણે આપ્યું તો તેલીધું અને ફ્લાણુંએ ખવરાવ્યું તો તે ખાધુ એવી નીર્દોષ બાલ્યવસ્થા છે.

૩. કોઇ મરી જાય તો જેનો તેમને શોક થતો નથી. શું સુધરે છે તે તેઓ જાણતા નથી. ઘરમાં માબાપે બહાર ન જવા દેતાં કેદ રાખ્યા તો કેદ રહ્યા અને રમતા રમતાં કંઇ પડી ગયા તો તેની પણ જેને હરકત નથી. મા ઓઢવાનુ આપે કે પીતા પોતાની પાઘડી વેચી નાખે તો પણ તેની હરકત નથી એવી નીર્દોષ બાળકોની બાલ્યાવસ્થા છે.

૪. જો કોઇએ ચીજ આપી તો હાથ ઝટ લાંબો કરે છે.

જો ઉનકો દોસો ખાલે ફિકા હો યા સલોના
જીસ જાપે નિંદ આઈ ફીર વહાં હૈ ઉનકા સોના
હય બાદશાહસે બહેતર જબ મીલગયા ખીલોના
પરવા ન કુછ પલંગકી ના ચાહિયે બિછોના
ભું પું કોઈ બજાલે ફિરકી કોઇ ફિરા લે
કયા ઐશ લૂટતે હૈ માસૂમ ભોલે ભાલે. ૫

યે બાલેપનકા યારો આલમ અજબ બના હૈ
યે ઉમ્ર વોહિ જીસમેં જો હય સો પાદશાહ હૈ
ઔર સચ અગર્ચે પૂછોતો બાદશાહ ભી કયા હૈ
અબતો નઝીર મેરી સબકો યેહી દુવા હૈ

ગોળ, બોર, મુળા, ગાજર ખાતા ખાતા રમે છે. પીતાની મુછો તાણે છે અને માનો ચોટલો પણ ખેંચે છે. ધુળમાં રમે છે. અને કાદવમાં કુદે છે. જો કંઇ મળે છે તો ખાઇ લે છે ને કાંઇ પીવાનુ મળે તો પી લે છે. મહાત્મા નઝીર કવી કહે છે કે એ પ્રમાણે બાળકો આનંદ કર્યા કરે છે.

૫. બાળકોને જે આપો તે ખાઈ લેશે પછી મીઠાવાળુ હોય કે ફિકું ખાવાનું હોય. જ્યાં નિંદ્રા આવી ત્યાં સુઈ જશે. એવા બાળકોને જો રમવાનું મળી ગયું તો મોટા બાદશાહથી પણ ચઢીયાતા પોતાને માની લેશે. તેમને પલંગની કે બિછાનાની પરવા નથી. જો વગાડવાની પીપુડી આવી તો ભુંપું ભુંપું કરીને તે બજાવવા મંડી પડશે એવા બાળકો દુનિયામાં નિશ્ચિંતપણે સુખ ભોગવે છે.

જીતે રહે સબોંકે આસ ઔ મુરાદ વાલે
કયા ઐશ લૂટતે હૈ માસૂમ ભોલે ભાલે. ૬

હોલી. ૨૭

ફિર આનકે ઇશરતકા મચા ઢંગ ઝમીપર
ઔ ઐશને અરસાહી કિયા તંગ ઝમીપર
હર દિલકો ખુશીકા હુવા ઉમંગ ઝમીપર
હોતા હૈ કહીં રાગ કહીં રંગ ઝમીપર
બજતે હૈ કંઇ નાલ કહીં ચંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૧

---

૬. બાળકોથી ભરેલી દુનિયા કેવી અજબ છે. બાળકોની વય એવી છે કે જેમાં તેઓ બાદશાહ જેવા છે. તેમની નિર્દોષ બાલ્યાવસ્થા આગળ બાદશાહ પણ કોઈ વિસાતમાં નથી. મહાત્મા નઝીર કવિ કહે છે મારો બધાને આશીરવાદ છે કે બધાના બાળકો જેમાં જેઓની આશાને ઉમેદ સમાઇ રહેલી છે તે સર્વ જીવતા રહો ?

હોળી. ૨૨

૧. જમીનપર હોળીની ધામધુમ ને રંગ ગુલાલ કેવો છંટાઇ રહ્યો છે. બધાના દીલમાં હોળીના ઉત્સવનો ઉમંગ વધ્યો છે અને કંઇ રાગરંગ થઇ રહ્યો છે. કંઇ તાલ વાગી રહ્યા છે એવો હોળીમાં અજબ રંગ મચી રહ્યો છે.

ઘુઘરૂકી પડી આનકે ફિર કાનમેં ઝનકાર
સારંગી હુઇ બીન તંબુરે કી મદદગાર
તબલોકે ઠેકે તબ લગે સિતારોંકી બજીતાર
રાગોં કે કહીં ગુલ ખિલે નાચો કે બંદ રહેનાર
ઢોલક કહીં ઝંકારિ હૈ મરદંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૨

ઇસ રૂતસેં ચમન પરભી અઝબ રંગ ચઢા હૈ
હર શોખ કે તનપર ભી અઝબ રંગ ચઢા હૈ
ઔર જંગલ દીનપર ભી અઝબ રંગ ચઢા હૈ
આશિ કકે બદનપર ભી અઝબ રંગ ચઢા હૈ
સબ ઐશકે રંગોમેં હૈ હમ રંગ ઝમીપર
હોલીનેં મચાયા અઝબ રંગ ઝમીપર. ૩

---

૨. ઘુઘરાઓના ઝનકાર કાને પડે છે. સારંગી તંબુર વાગી રહ્યા છે. નરઘાં સીતારની ધુમ મચી રહી છે, રાહદારીઓના આલાપ થઇ રહ્યા છે, ઢોલક ખંજરી મૃદંગ ઇત્યાદી સાજો લોકો બજાવી રહ્યા છે એવો હોળીમાં અજબ રંગ મચી રહ્યો છે.

૩. આ વસંતરૂતુમાં બાગ બગીચા પણ ખીલી રહ્યા છે. દરેક વૃક્ષો ઉપર નવા રંગ ચડી રહ્યા છે. આખું વન લીલું છમ જેવું થઇ રહ્યું છે. પ્રેમી પુરૂષોના શરીરમાં પણ ઉમંગ ઉત્સાહની વૃદ્ધિ થઇ રહી છે બધા રંગો કરતાં આ હોળીના રંગ જમીનપર અજબ જામી રહ્યો છે.

મારા હૈ લિપટ હોલીકે રંગોને અજબ જોશ
જો રંગમેં ઇક ખલ્ક બની ફિરતિ હૈ ગુલપોશ
હૈ નાચ કહીં રાગ કહીં રંગ કહીં નોશ
પિતે હૈ નશે ઐશમેં સબ લોટે હૈ મદ હોશ
માજુન કંઈ પીતે હૈ કહીં ભંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૪

મયે ખાનેમેં દેખો તો અઝબ સૈર હૈ યારો
વહાં મસ્ત પડે લોટે ઔર કરતે હૈ હો હો
મસ્તીમેં સિવા ઐશ નહિં હોશ કિસિકો
શીશોમેં પ્યાલોમેં સુરાહીમેં ખુશી હો
ઉછલે હૈ પડે બાદ યે ગુલરંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૫

---

૪. હોળીના રંગોનું એવું જોર છે કે આખી દુનિયા રંગથી રંગાએલી લાલ સુરખ થઇ ફરે છે. કંઇ નાચ છે કંઈ રાગરંગ થાય છે. કંઇ માદક પદાર્થોનું નોશ અર્થાત સેવન થાય છે. કંઈ નશાપતા ઉડાવાય છે. કંઇ માજમ ખવાય છે કંઇ ભાંગ પીવાય છે એવી રીતે હોળીએ જમીનપર અજબ રંગ મચાવી દીધો છે.

૫. દારૂના પીઠામાં જુઓ ત્યાંતો કંઇક પીને પડયા પડયા લોટયા કરે છે. મસ્તિ સીવાય બીજી જેનામાં શક્તિ નથી. સીસા, પ્યાલા, અને સુરાઈ એમાંજ જેઓ લીન બની પડેલા છે અને હોળીના રંગમાં રંગાયા છે એવો હોળીનો જમીનપર રંગ મચાવી દીધો છે.

ગાગાકે પુકારે કહીં રંગોકી છીડક હૈ
મૈના કી ભભક ઔ કહીં સાગરકી ઝીલક હૈ
તબલોંકી સદાયે કહીં નાલોંકી ઝીડક હૈ
તાલીકી બહારે કહીં ઢીલીયાકી ખડક હૈ
બજતા હૈ કહીં ડફ કહીં મેહુચંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૬

મસ્તિમેં ઉડા આનકે જીધર દેખો અહાકા
નાચે હૈ તવાયફ મટકે હૈ ભવઇયા
ચલતે હૈ કહીં જાય કહીં સ્વાંગકા ચરચા
ઔ રંગકો ગલીયોમેં જો દેખા તો હરેકજા
બહુતેં હૈ ઉમંડ કર જમુના ઔં ગંગ ઝમીપર
હોલીને મચાયા અઝગ રંગ ઝમીપર. ૭

---

૬. કેટલીક જગોએ ગાણું ચાલી રહ્યું છે કેટલીક જગોએ રંગોનો છંટયાવ થઈ રહ્યો છે. દારૂની ભભક કંહી ઉડી રહી છે કંઇ નરઘા અને ખંજરીઓ વાગી રહી છે કંઇ ડફ અને મોરચંગ વાગી રહ્યા છે. કંઈ તાલીઓ બજાવી રહ્યા છે એવો હોળીએ રંગ મચાવી દીધો છે. રંગોનો છટકાવ થઇ રહ્યો છે. દારૂની ભભક કંહી ઉડી રહી છે કંઈ ઉડી રહી છે કઇ નરઘા અને ખંજરીઓ વાગી રહી છે કંઇ ડફ અને મોરચંગ વાગી રહ્યા છે કંઇ તાલીઓ બજાવી રહ્યા છે એવો હોલીએ રંગ મચાવી દીધાં છે.

૭. જ્યાં ત્યાં જુઓ ત્યાં મસ્તિમાં હાહા હીહી થઇ રહી છે.

મામૂર હૈ ખુબીસે ગલિ કૂચ ઔં બાઝાર
ઉડતા હૈ અબિર ઔ કહાં પીચકારિકી માર
છાયા હૈ ગુલાલોંકા હરેક જાવે ધુંઆ ધાર
પડતી હૈ જીધર દેખો ઉધર રંગકી બૌછાર
હૈ રંગ છિડકનેસેં હરેક દંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૮

ભાગે હૈ કહી રંગ કિસીપર જો કોઇ ડાલ
વો પોટલી મારે હૈ ઉસ્સે દૌડકે ફિર હાલ
યે ટાંગ ઘસીટે હૈ તો વો ખીંચે પકડ બાલ
વો હાથ મરોડે તો યે તોડે ખડા ગાલ

કંઇ તાયફાઓ નાચી રહ્યા છે કંઇ ભવૈયાઓ લટકા કરી રહ્યા છે. કંઇ દારૂના પ્યાલા ચાલી રહ્યા છે કંઈ સ્વાંગો (વેશ) ની ચરચા થઈ રહી છે. ગલિયોમાં પણ જઇને જોયું તો રંગ બધે છાઇ રહ્યો છે. જમુના ગંગા ઘુઘવાટથી વહી રહી છે એવો હોલીએ રંગ મચાવી દીધો છે.

૮. ગલિઓમાં અને બજારમાં હોળીની ધામ ધુમ મચી રહીછે. અબિલ ગુલાલ અને પીચકારી ભરી રંગની સેરો વીગેરે ઉડી રહ્યાં છે ગુલાલથી દરેક જણના મોઢાં છવાઇ રહ્યા છે અને જ્યાં જુઓ ત્યાં રંગની સેરો પડતી માલમ પડે છે. આ પ્રમાણે દરેક જગોએ રંગનો છંટકાવ થઇ રહ્યો છે તેથી જાણે જમીન ઉપર મોટો દંગો થયો હોય તેવો દેખાવ લાગે છે. એ પ્રમાણે હોલીએ જમીનપર મોટો રંગ મચાવી દીધો છે.

ઇસ ઢબકે હરેક જાપે મચે ઢંગ છમીપર
હોલીને મચાયા અઝબ ઢંગ ઝમીપર. ૯

હોલીકી નઝીર અબજો બહારે હૈ અહાહા !
મહબુબ રંગીલોકી કતારેં હૈ અહાહા !
કપડોંપે જમે રંગકી ધારેં હૈ અહાહા !
સબ હોલીહી હોલિહી પુકારે હૈં અહાહા !
કયા ઐશ હૈ કયા રંગ હૈ કયા ઢંગ ઝમીપર
હોલીને મચાયા અઝબ રંગ ઝમીપર. ૧૦

---

૯. જો કોઇ બીજાપર રંગ છાંટે છે તો નાસી જાય છે. અને જો રંગ તેના પર પડે છે તો સામા રંગની પોટલી મારવા જાય છે. એક ટાંગ ઘસડે છે તો બીજો વાળ ખેંચે છે. કોઈ હાથ મરોડે છે તો બીજો ગાલ ખેંચી નાંખે છે એ પ્રમાણે હોળીએ દુનિયામાં રંગ મચાવી દીધો છે.

૧૦. મહાત્મા નઝીર કહે છે કે હોલીની અજબ બહાર જ્યાં ત્યાં જોવામાં આવે છે જેમાં પ્રેમીઓના ટોળે ટોળાં રંગે રમે છે. તેઓના કપડાં રંગમાં બોળાઇ જાય છે અને જ્યાં જુઓ ત્યાં હોળી જ હોળી એમ લોકો પુકાર્યા કરે છે એવો હોલીએ જમીનપર રંગ મચાવ્યો છે.

आदमी—२८

દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી
ઔ મુફ્લિસો ગદા હૈ સો હૈ વોભી આદમી
ઝરદાર બેનવા હૈ સો હૈ વોભી આદમી
ન્યામત જો ખા રહા હૈ સો હૈ વોભી આદમી
ટુકડે જો ખા રહા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી ૧

ઇબદાલ કુત્બ વ ગૌસ વલી આદમી હુયે
મુન્કીર ભી આદમી હુયે ઔર કુફ્રકે ભરે
કયા કરમ યે કશ્ફ ઔ કરામાતકે કિયે
હતા કી અપને ઝોર વ રિયાઝતકે ઝોરસે
ખાલિકસે જા મિલા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૨

મનુષ્ય.

૧. દુનિયામાં પાદશાહછે તે પણ આદમી છે. ગરીબો, ગુલામો છે તે પણ આદમી છે. પૈસાદાર, શ્રીમંત પણ આદમી છે. ઉત્તમ ચીજો જે ખાય છે તે પણ આદમી છે. ટૂકડા માગીને જે ખાય છે પણ આદમી છે.

૨. ઇબદાલ કુત્બ વીગેરે થયા તે પણ આદમી થયા. મુન્કીર પણ આદમીજ હતા જો કે કપટી હતા. ઇલમ, હુન્નર, જોર, બાહુ—

ફરાઉનને કિયા થા જો દાવા યે ખુદાઇકા
શદ્દાદ ભી બહિશ્ત બના કર હુવા ખુદા
ન મરૂદ ભી ખુદાહી કહલાતા થા બર મલા
યે બાત હૈ સમજનેકી આગે કહું મેં કયા
યહાં તક જો હો ચુકા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૩

યહાં આદમીહી જાર હૈ આર આદમીહી નુર
યહાં આદમીહી પાસ હૈ ઔર આદમીહી દુર
કુલ આદમીકા હુસ્નો કલામેં હી યહાં ઝહુર
શયતાન ભી આદમી હૈ જો કરતા હૈ મકઝુર
ઔ આધી રૈન જાગે સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૪

બળ જેમનામાં હતું તે પણ આદમી હતા અને જે પરમેશ્વરના પદને પામ્યા તે પણ આદમી હતા.

૩. ફરાઉન જેણે ઇશ્વરત્વનો દાવો કર્યો હતો અને શદ્દાદ પણ જે પરમેશ્વરરૂપ ગણાયો તે પણ આદમી હતો. નમરૂદ પણ ખુદા અર્થાત ઇશ્વર કહેવાયો તે પણ આદમી હતો. મહાત્મા નઝીર કવિ કહે છે કે આ વાત સમજવાની છે કે જે ઇશ્વર સમાન બની ગયો છે તે પણ આદમી છે.

૪. આમ જે તે આદમી છે આદમી રૂપજ નુર બધે ઝળકી રહ્યું છે. આદમીજ પાસે છે ને આદમીજ દુર છે એમ આ દુનિયામાં

મસજીદભી આદમીને બનાઇ હૈ યહાં મિંયા
બનતે હૈ આદમી હી અમામ ઔર ખુત્બખાં
પઢતેં હૈ આદમી હી કુરાન વા નીમાઝ યહાં
ઔર આદમી હી ઉનકી ચરાતે હૈ જુતીયાં
જો ઉનકો તાડત હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૫

યહાં આદમી પેં જાંકો દિલ દેહે આદમી
ઔર આદમી હી તેગસે મારે હૈ આદમી
પઘડી ભી આદમી કી ઉતારે હૈ આદમી
અલ્લાકે આદમીકો પુકારે હૈ આદમી
ઔર સુનકે દૌડતા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૬

બધી જાહોજલાલી આદમીથી છે. શેતાન પણ આદમી છે કે બદમાસી કરે છે અને જે આખી રાત સુધી જાગે છે તે પણ આદમી છે.

૫. દુનિયામાં દેવળો, મસ્જીદો, મંદિરો પણ આદમીએ બનાવ્યા છે અને દેવ પણ આદમી છે. કુરાન, પુરાણ પણ આદમી ભણે છે. અને તેમને જોડા પણ આદમીજ પહેરાવે છે. વળી તેઓ ખાયછે તે પણ આદમી છે એમ જ્યાં જુઓ ત્યાં આદમીનો મેળો છે.

૬. આદમી આદમીને દીલ આપે છે અને આદમી આદમીને સમશેરથી મારે છે. આદમીજ આદમીની પાઘડી ઉતારે છે. પ્રભુના આદમીને બોલાવે છે તે પણ આદમીજ છે. અવાજ સાંભળતામાં

નાચે હૈ આદમી હી બજા તાલીયોં કો ચાર
ઔર આદમી હી ડાલે હૈ અપની ઈઝાર ઉતાર
નંગા ખડા ઉછલતા હૈ હોકર ઝલીલો ખાર
સબ આદમી હી હસતે હૈ દેખ ઉનકો બાર બાર
ઔર વો જો મસખરા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૭

ચલતા હૈ આદમી હી મુસાફર હો લેકે માલ
ઔર આદમી હી મારે હૈ ફાંસી ગલેમેં ડાલ
યહાં આદમી હી સૈદ હૈ ઔર આદમીહી જાલ
સચ્ચા ભી આદમી હી નીકલતા હૈ મેરે લાલ
ઔર જુઠકા ભરા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૮

દોડીને આવે છે તે પણ આદમી છે એમ જ્યાં જુઓ ત્યાં આદમાનું બોલું છે.

૭. તાળીઓ વગાડીને નાચે છે તે પણ આદમી છે. અને સુરવાળ ઉતારી નાગો ફરે છે તે પણ આદમી છે તેને જોઇને હસનારા પણ આદમી છે. અને પેલો નાગો ફરનારો મસ્કરો છે તે પણ આદમી છે.

૮. મુસાફર થઇને માલ ખાંધે નાખીને જે ચાલે છે તે પણ આદમી છે અને આદમી ગળામાં ફાંસો નાંખી આદમીને મારે છે. એમ આદમી મુક્ત છે અને આદમીજ જાળરૂપ છે. સાચો છે તેપણ આદમી છે અને જુઠાણુથી જે ભરેલો છે તે પણ આદમી છે.

ચહાં આદમી હી શાદ હૈ ઔર આદમી બીયાં
કાઝી વકીલ આદમી ઔ આદમી ગંવાં
તાશે બજાતે હૈ આદમી ચલતે હૈ ખ્વા મુખ્વાહ
દૌડે હય આદમી હી મશલ લે જલાકે વાહ
ઔર બીયાને ચઢા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હ વોભી આદમી. ૯

ચહાં આદમી નકીબ હો બોલે હ બાર બાર
ઔ આદમી પ્યાદે હૈ ઔર આદમી સવાર
હુક્કા સુરાહી જુતિ લે દૌડે બગલમેં ચાર
કાંધે પે રખકે પાલકી હૈ આદમી કહાર
ઔર ઉસમેં જો પડા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૦

---

૯. આદમીજ આનંદરૂપ છે અને આદમીજ શોકરૂપ છે. કાજી વકીલ પણ આદમી છે અને ગમાર પણ આદમીજ છે. નગારા વગાડી ચાલે છે તે પણ આદમી છે. મશાલો લઇને જે દોડે છે તેપણ આદમી પોતેજ છે. અને જે પરણુવા વરરાજા થઇને વરઘોડે ચડયો છે તે પણ આદમી છે.

૧૦. આદમી નકી પુકારે છે અને જેની નકી પુકારવામાં આવે છે તે પણ આદમીજ છે. આદમી પ્યાદા છે અને આદમી ઘોડા ઉપર સ્વાર છે. હોકો, સુરઇ, જોડા વીગેરે બગલમાં ઘાલીને જે સાથે ચાલે છે તે પણ આદમી છે અને કાંધે પાલખી ઉંચકીને ચાલે

બૈઠે હૈ આદમી હી દુકાને લગા લગા
ઔર આદમી હી ફિરતે હૈ રખ સિરપે ખોમચા
કહતા હૈ કોઇ લો કોઈ કહતા હૈ લારે લા
કિસ તરૈયકી બેચે હૈ ચીઝેં બના બના
ઔર મોલ લે રહા હુ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૧

યહાં આદમી હી કહેર સે લડતે હૈ ધૂરધૂર
ઔર આદમી હી દેખ ઉન્હેં ભાગતે હૈ દૂર
ચાકર ગુલામ આદમી ઔર આદમી મઝૂર
જહાંતકકે આદમી હી ઉઠાતે હૈ જા ઝરૂર
ઔર જીસને વો ફિરા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૨

છે તેપણુ આદમી છે. અને જે પાલખીમાં બેઠો છે તેપણુ આદમી છે.

૧૧ દૂકાનો લગાવીને જે બેઠા છે તે પણુ આદમી છે અને માથા પર ખુમચા ઊંચકીને જે ફરે છે તે પણુ આદમી છે. કોઇ લ્યો અને કોઈ લાવો એમ જે કહે છે તે પણુ આદમી છે અને જે વેચાતુ લઇ રહ્યો છે તેપણુ આદમી છે.

૧૨. આદમી કેર કરે છે અને કેર જોઇને નાશી જાય છે તે પણુ આદમી છે. ચાકર, ગુલામ અને મજુરો પણુ આદમી છે અને એટલે સુધી કે જાજરૂને ઉઠાવનારા ભંગી પણુ આદમી છે અને જે

તબલે મજીરે દાયરે સારંગીયાં બજા
ગાતે હૈ આદમી હી તરજ હરેક જા બજા
રંડી ભી આદમી હૈ નચાતી હૈ ગત લગા
વો આદમી હી નાચે હૈ ઔર દેખ ફિર મઝા
જો નાચ દેખતા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૩

યહાં આદમી હી લાલો ઝવાહીર હૈ બે બહા
ઔર આદમી હી ખાકસે બદતર હો ગયા
કાલાભી આદમી હૈ કિ ઉલટા હૈ જ્યું તવા
ગોરાભી આદમી હૈ કિ ટુકડા હૈ ચાંદકા
યે શિકલ બદનુમા સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૪

જાજરૂ જઇ આવ્યો છે તે પણ આદમી છે એમ જ્યાં જુઓ ત્યાં આદમી છે.

૧૩. તબલા, મંજીરા અને સારંગી જે બજાવે છે તે પણ આદમી છે અને ગાનારા પણ આદમી છે. ગત ઉપર ધ્યાન લગાવીને જે ગાનારીઓ ગાય છે તે પણ આદમી છે અને તેની મજા લઇ નાચે છે તેપણ આદમી છે અને જે નાચ જુએ છે તેપણ આદમી છે.

૧૪. આ જગતમાં આદમીજ જવાહીર રૂપ છે. અને આદમીજ માટીથી પણ ખરાબ છે. ઊંધા તવાના જેવો કાળો પણ આદમીજ છે અને ચંદ્રમાના ટૂકડા જેવો ગોરો પણ આદમી છે. વળી

એક આદમી હૈ જીનકે યે કુછ ઝર્ક બર્ક હૈ
રૂપેકી ઉનકે પાંવમેં સોને કે ફર્ક હૈ
ઝમકે તમામ ગર્બસેં લેતા બશર્ક હ
કમખ્વાબ તાશ શાલ દુશાલોમેં ગર્ક હૈ
ઔર ચીથરે લગે હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૫

એક ઐસે હૈ કે જીનકે બિછે હ નયે પલંગ
ફુલોંકી સેજ ઉનપે ચમકતે હૈ તાઝા રંગ
સોતે હૈ લિપટ છાતીસે માશુક શોખો સંગ
સૌ સૌ તરેહકે ઐશકે કરતે હૈ વહી ઢંગ
ઔર ખાકમેં પડા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૬

કુરૂપ હોય છે તે પણ આદમીજ છે એમ જ્યાં જુઓ ત્યાં આદમીનોજ મેળો છે.

૧૫. એક આદમી એવો છે કે જેને હમેશ મોજમજા છે જે સોના રૂપાના ઘરેણાથી શોભી રહ્યો છે અને શાલ દુશાલાથી ભરપૂર છે અને જે ચીથરાં પહેરે છે તે પણ આદમીજ છે.

૧૬. એક તરફ જેના પલંગો નવા બીછાવ્યા છે જેના પર સુવાસિત પુષ્પોની ચાદર અને ગદેલાં બિછાવી દીધેલાં છે. સુંદર નવયૌવનાઓ જે તેના પર પોઢી વિહાર કરે છે અને અનેક પ્રકારે વિષય ભેગોને ભોગવે છે તે પણ આદમી છે અને બીજી તરફ જે રાખમાં લોટયાં કરે છે તે પણ આદમી છે.

મરનેમેં આદમી હી કફન કરતે હય તૈયાર
નીલા ધુલા ઉઠાતે હૈ કાંધેપે કર સવાર
કલમાભી પઢતે જાતે હૈ રોતે હય બારબાર
સબ આદમી હી કરતે હૈ મુરદેકે કારોબાર
ઔર વો જો મર ગયા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૭

અશરાફ ઔ કમીનીસે લે શાહ તા વઝીર
હય આદમીહી આપે ઇઝઝત ભી ઔ ફકીર
યહાં આદમી મુરીદ હૈ ઔ આદમી હી પીર
અચ્છાભી આદમીહી કહલાતા હૈ અયે નઝીર
ઔર સબમેં જો બડા હૈ સો હૈ વોભી આદમી
દુનિયામેં પાદશાહ હૈ સો હૈ વોભી આદમી. ૧૮

---

૧૭. મરેલાને માટે કફન તૈયાર કરે છે તે પણ આદમીજ છે તે શબને નવગાની ધોતરાની કાંધપર ઉઠાવી 'રામ બોલો ભાઈ રામ' એ શબ્દોના ઉચ્ચાર પૂર્વક લઇ જાય છે તે પણ આદમીજ છે અને બીજી તરફ જે મરી ગયો છે તે પણ આદમીજ છે.

૧૮. ગરીબ તવંગરથી માંડીને મોટા વજીર પાદશાહ સુધી સઘળા આદમી છે. આદમી શિષ્ય મુરીદ છે અને આદમી ગુરૂ કે પીર છે. મહાત્મા નઝીર કહે છે કે સારો પણ આદમી કહેવાય છે અને સહુમાં મોટો છે તે પણ આદમી કહેવાય છે.

शादमानी–२१

દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં
યે બહારે ઇશ્ક યે શોરે જવાની ફિર કહાં
સાકી ઔ મુતરીબ શરાબે અર્ગવાની ફિર કહાં
ઐશ કર ખુબામેં અયે દિલ શાદમાની ફિર કહાં
શાદમાની ગર હુઇ તો ઝીન્દગાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૧

યે જો યહાંકે ગુલબદન મિલતે હૈ સૌ સૌ ઘાતસે
કુછ મઝેહ કુછ લૂટ હઝ ઉન ગુલ રૂખોંકી ઝાતસે
એકદમ હરગીઝ જુદા મતહો તૂ ઉનકે સાથસે
જીસ કદર પીનાહો પીલે પાની ઉનકે હાથસે
અબ જીનતામેં બહોત હોગા પર યેહ પાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૨

આનંદ.

૧. હે મન જરા ગાફેલ થયા વગર જો કે આ બાગરૂપી દુનિયાની બહાર ફરી ફરીને મળવાની નથી. તને આ બહાર, આ પ્રેમ, આ જવાની ફરી ક્યાં મળવાની હતી? વળી વળીને હે મન તને એ આનંદ મળવાનો નથી એ નક્કી જાણી પ્રસન્નતાને જાગવજે.

૨. જે સેંકડો ઉપાયે મળી ન શકે એવા તારા પ્રેમીજનોથી એકદમ છુટો ન થતાં તેમને હાથેથી જેટલું પાણી પી લેવું હોય તેટલું પી લે. કારણ કે તે વિશુદ્ધ પ્રેમ વગરે તને ફરી ફરીને પછી ઇ મળવાનું નથી.

ચે જો કડવે હોકે હમકો અબ ઝીડકતે હય યહાં
ઉનકી તલખીમે હઝારો હય ભરી શિરીનયાં
ઉઠસકે જબતક ઉઠા અયે દિલ તૂ ઉનકી સખ્તીયાં
લઝતે જીન્નતકે મેવાકી બ્હોત હોંગી વહાં
પર યે મીઠી ગાલીયાં ખુબાંકી કહાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૩

ઔર હય અયે દિલ સદા મહબુબ રહતે હય જહાં
કરલે ઉનકી ખિદમતે હરદમ દિલો જાંસે યહાં
જો તુઝે દેવેસો લેલે ઔ ગનીમત ઉસકો જાન
વહાં તો હાં હુરોંકે ગેહેનેકે બૌત હોંગે નિશાન
ઈન પરિઝાદોં કે ચોહલોંકી નિશાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૪

હો સકે જીસ તૌર સુન લે દોસ્તોંકી વાર દાત
ઔ બયાં કર આકે ઉનકે હોજો તુજપર મુશ્કીલાત
જીસ ઘડી આઈ કઝા કોઇ ન ફિર પૂછેગા બાત

---

૩. જે જગતમાં બીજાને ઉપદેશ કરવાને લાયક છે અને તે સહન કરીને જે ચાલનારા છે તેઓનો ઉપદેશ પણ સહન કરવાનું કારણ એટલુંજ કે ફરી ફરીને તે ઉપદેશ મળનાર નથી.

૪. હે મન જ્યાં સંતપુરૂષો રહેતા હોય ત્યાં જઇ તેમની સેવા તનમનથી કરજે જે તને તેઓ આપે તે લઇ લે અને તેને બસ સમજજે કારણુ કે પછી તે દેવાંશી પુરૂષોનો દીદાર પણ થવો તને મુશ્કેલ પડશે.

ઉલ્ફત વા મહેર વા મોહોબત સે હૈ જીતે જીકે સાથ
મહેરબાનહી ઉઠગયે ઔર યે મહેરબાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૫

અબજો આગાઝે જવાની કી બહારે હૈ મિંયાં
ઐશ ઔર ઇશરતમેં ઉડાલે ઝીન્દકી ખુબીયા
નશા પી કર કોઈ કરલે સૈરે બાગ઼ ઔર વીસ્તાં
વાઝ ઓ નાસે બકે તૂ ઉનકે કહનેકો તમાંમ
દમ ગનીમત હૈ મિંયા યે નો જવાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૬

હોકે હરદમ ખુબરૂઓં કી મોહોબતમેં અસીર
લગા નિગાહ વ સુરમાસાકી નાવકોકે દીલમેં તીર
વસ્ફ અબ ઉનકા જો કરના હૈ સો કરલે દિલમે પઝીર
જા પડે ચુપ હોકે જબ શહેરે ખમો શાંમે નઝીર

---

૫. તારાથી જેટલી થઇ શકે તેટલી તારા મિત્રોને મદદ કરવા પ્રવૃતિ કરજે અને તારાપર જો કંઇ મુશકેલી આવી પડી હોય તો તેમને જઇને કહેજે. જવાનીમાં એશ આરામની ખુશીયો કરી લીધી નીશાપતા કરી લીધો પણ તે શાથી તારામાં દમ હતો તો થયું માટે દમ પ્રાણ ફરી ફરીને મળનાર નથી

૫. જે ઘડીએ પછી કોઇ આવીને વાત પૂછશે ને જવાબ દેવાશે નહિ તે વખતે તે તારી પ્રિતિ-સ્નેહ-લગની વીગેરે સમજું જીવના જીવનુંજ સમજી લેજે જ્યાં અંદર અંદરથી તારો આતમારૂપી મહેરબાનજ ઉડી ગયો પછી મહેરબાની ક્યાં રહી.

યે ગઝલ યે રેખતા યે શેરખાની ફિર કહાં
દેખ ટુક ગાફિલ ચમનકો ગુલ્ફશાની ફિર કહાં. ૭

मक्खीयां—२०

થારો મેં ચુપ રહું ભલાતા કયે, મખ્ખીયાં તો હો હુઈ હરપે
પહેલે આતે હય ગૌલપે હરપે સોરહે, ગુલ હે ભિન્નભિન્નાહટ હે
કોઇ થુકે કોઇ કર રહે હે કયે, ઇસ કદર ધુમ મખ્ખીયોંકી હે ૧
પેહલે મઝદુર કયા હે ખાનેકા ખાકે ફિર ઝિકર કિયા પચાનેકા
કોઈ પીનેકો ઔર ન ખાનેકા યે બુરા હાલ હય ઝમાનેકા
સખ્ત મુશ્કીલ બડી ખરાબી હૈ ઇસ કદર ધુમ મખ્ખીયોંકી હે. ૨

---

૭. હમેશાં પ્રેમી થવું, પ્રેમ પ્રત્યેક પ્રતિ રાખવો. મહાત્મા નઝીર કહે છે કે, જે પ્રેમી છે તેનું હું શું શું વર્ણન કરૂં. જો કે મેં આ રેખતા ગજલમાં કર્યું છે કે જે ગજલ રેખતા અને શરખાની ફરી ફરી તે મળનાર નથી.

માખો.

૧. મહાત્મા નઝીર કવિના આસન ઉપર માખોનુ જોર થયું. એટલે કે તેઓ એક દીવસ કહેવા લાગ્યા કે હે મિત્રો હું શું ચુપ-રહુ કારણ કે માખો તો હવે ઘરમાં વધી ગઇ છે. તેમણે ગણગણાટ કરી મુકયો છે. જ્યાં કોઇ થુકે છે કે ઉલટી કરે છે ને કેરી તેના ઉપર માખીયો બેસે છે તેની માખો થઇ ગઇ છે.

૨. પ્રથમ ખાવું અને પછી પચાવું. ખાવાનુ અને પીવાનું

હો ચનોસે જો મું ચલાતા હૈ ઉસમે સૌ મખ્ખીયાં વો ખાતાહૈ
દાલ રોટીપે કહેર આતા હૈ ઔર જો મીઠી ચિઝ ખાતાહૈ
ઉસને અહ્લા જાને ખાયે કયે ઈસ કદર ધુમ મખ્ખીયોંકી હૈ ૩

કપડે ઉજલે હૈ યાકી મેલે હય સબમે ગુ મખ્ખીયોંકે પહેલેહૈ
સરસે તાપા સડી કુચેલી હય આદમી કયા કિ ગુડકી ભેલીહૈ
લદ ગયે તાર તાર સબ રગ ઔા પયે ઈસકદર ધુમ મખ્ખીયોંકીહૈ ૪

દીલબરોંકી યે કયામત આઇ હૈ આંખ મખ્ખીને કાટ ખાઇહૈ
ઠોડી ભૌં આંખ સબ સુઝાઇ હૈ હુસ્નકી ભી યે બદનુમાઇહૈ
ગુ ગયે રૂપ રંગકે સબ રેય ઈસકદર ધુમ મખ્ખીયોંકીહૈ ૫

રંડીયા કસબી અબજો ગાતીહૈ મખ્ખીયાં મુમે બૈઠ જાતીહૈ
દમ બદમ થુકનેકો જાતી હય ખાસ ખંખાર સિર હિલાતીહૈ

જ્યાં સુધી માખીયો થઇ હોય છે ત્યાં સુધી રૂચતુ નથી. તેનો આ બુરા જમાનાના હાલ થઇ ગયા છે.

૩. જે ચણો બે લઇને ચાવે છે તેમાં સો માખો ખાઇ જાય છે દાળ અને રોટલા પર પણ વમન થાય છે અને જે મીઠી ચીજો ખાય છે તે પર પણ માખો ઉભરાઇ જાય છે એવી મા મો એ ધુંન મચાવી છે.

૪. કપડા ઉજળા કે મેલાં હોય તોપણુ માખોની અખાર તેના પર આવે છે માખો કોઇને છોડતી નથી જ્યાં જુઓ ત્યાં માખોએ ધુન મચાવી છે.

૫. સુંદર નવ યોવના હોય તો પણુ માખી જો આંખે તેને કરડી તો તે આંખ સુઝીને દડો થઇ જશે અો તેનુ સુંદર રૂપ છતાં કરૂપ બનાવી દેશે એવી એ માખીયો છે.

તોભી બંધતી નહીં હૈં ઉનકી હેય ઇસકદર ધુમ મખ્ખીયોંકીહે. ૬
કપડા જીનકા ફટા પુરાના હય વો તો ફુલ મખ્ખીયોંને સનાહે
પયજામા તમામ છાના હય બાકી અંદરકા બૈઠ જાના હે
વોભી મંઝીલ અબ વો કર લેંગી તયે, ઇસકદર ધુમ મખ્ખીયોંકીહે ૭
દૂધમેં મખ્ખીયાંભી હાબી હય ખાનેમેં મખ્ખીયાંભી ચાબીહે
પાનીમેં તો યે યુગેં આબી હય, અલગરઝ જો બડે શરાબીહે
વોભી સબ ઉડાતે હય પીકર મંય ઇસકદર ધુમ મખ્ખીયોંકીહે ૮
કોઉ ઉકે હે રોટીયોં ખાકર કોઇ ડાલે હય પાની મિતલાકર
કોઇ ખાંસેહે ખાલી ઉલકાકર સહ લોબાહી કહે સખ્ત ગભરાકર
કુઝે મેં ભી કરતેહે આલત કયે, ઇસકદર ધુમ મખ્ખીયોંકી હય ૯

---

૬. જે નૃત્ય અને સંગિત કરનારી નાયકા છે તેના મ્હોડાપર પણ વખતે માખો આવીને બેસે છે વારે વારે પાન ચાવેલું તે થુકવાને જાય છે ખાંસી ખાય છે, ખોંખારા કરે છે અને માથું હલાવે છે તો પણ માંખો મટતી નથી એવી માખો ઉભરાઇ જાય છે.

૭. જેનું કપડું તેટલું ફાટેલું અને જીનું છે તેના પર માખોની બધાર ભરેલી છે એમ બદનમાં સુરવાળમાં આગળ પાછળ જ્યાં જુઓ ત્યાં માખો સીવાય બીજું કશુંજ જણાતું નથી એવી માખોએ ધુમ મચાવી છે.

૮. દુધમાં પણ માખો પડે છે ખાવામાં પણ માખો પડે છે. પાણીમાં પણ માખો પડે છે અને જે મધનું સેવન કરનારા છે તેના મધમાં અને તેમના મ્હોપર માખો દેખાય છે એવી માખોએ ધુમ મચાવી મુકીછે.

૯ કોઇ ખાઇને વમન કરે છે. કોઇ પાણી પેટમાં નાખી વલો-

અયે નઝીર અબતો શામે મખ્ખી ઘરકે હરકે મકાંમે મખ્ખી
શહેરકી હરદુકામેં મખ્ખી ભરગઇ સબ જહાંમે મખ્ખી
કોઈ ખાલી નહી ગર્ઝ અબશેય ઇસકદર ધુમ મખ્ખીયોંકી ૧૦

कृष्णरास—२१

ક્યા આજ રાત ફરહત વ ઇશરત આસાસ હૈ
હરગુલ બદનકા રંગીન ઔ ઝરી લિબાસ હૈ
મહબુબ દીલબરોંકા હજુમ આસપાસ હૈ
બઝમ તરબ હૈ ઐશકી કુલોકી બાસ હૈ
હર આન ગોપીયોંકા યહી સુખ બિલાસ હૈ
દેખો બહારે આજ કનૈયાકી રાસ હૈ ૧

વીને બહાર કાઢે છે કોઈ ઉલકારા કરીને ઉધરસ ખાય છે એટલે માખો ઉભરાય છે ને તોબા તોબા પોકરાવે છે એવી માખો એ ધુમ મચાવી મુકી છે.

૧૦. મહાત્મા નઝીર કવિ કહે છે કે જ્યાં જુઓ ત્યાં માખોછે. ઘરના તમામ ઓરડામાં માખો છે શહેરની હરેક દુકાનમાં માખો છે એટલે આખી દુનિયામાં માખો જ્યાં ત્યાં ભરેલી જણાય છે કોઈ જગા માખો વીનાની ખાલી નથી આ પ્રમાણે માખોએ ધુમ મચાવી મુકીછે.

કૃષ્ણરાસ.

૧. આજે કેવો આનંદ અને એશઆરામ છે કે જે રાસ મંડળમાં હરેક ગોપીઓએ સુંદર વસ્ત્ર અને ઝરીના પોશાક પેહેરેલા છે હરેક ગોપીએ જોડે તેમના પ્રેમી કૃષ્ણ પણ આસપાસ છે. સુવાસીત પુષ્પોની સુગંધ જ્યાં ફેલાય રહી છે એવો આજ કૃષ્ણકનૈયાનો રાસછે.

બીખરી પડી હૈ ફર્શપે મુકૈશ ઔર ઝરિ
બજતે હૈ તાલ ઘુઘરૂ મરદંગ વા ખંજરી
સખીયા ફિરે હૈ ઐસે કે જો હુર ઔર પરી
સુન સુનકે ઉસ હજુમમેં મોહનકી બાંસુરી
હરઆન ગોપીયોંકા યહી મુખ બિલાસ હૈ
દેખો બહારે આજ કનૈયા કી રાસ હૈ ૨

આઈ હૈ ધુમસે જો તમાશેકો ગુલબદન
ગોયાકી ખીલ રંહેહૈ ગુલોકે ચમનચમન
કરતે હૈ નીરત કુંજ બિહારી બસદ હરન
ઘુઘરૂઓકી સુનકે સદાયે ઝનનઝનન
હરઆન ગોપીયોંકા યહી મુખ બિલાસ હૈ
દેખો બહારે આજ કનૈયા કી રાસ હૈ ૩

હલકા બનાકે કૃષ્ણ જો નાચે હૈ હાથ જોડ
ફીરતે હય ઇસ મઝેહસે કિ લેતે હૈ દિલ મરોડ

---

૨. જમીનપર જરીયાનની ભૂકી નાચવાથી વીખરાયલી પડી છે. તાલ મરદંગ અને ખંજરી વાગી રહ્યા છે. મોહન અર્થાત કૃષ્ણની બંસીને મારી અપ્સરાઓને પણ લોભાવી નાંખે તેવી વાગી રહી છે. એવી રીતે દરેક ગોપીયોનો આ મુખવિલાસ છે કૃષ્ણકનૈયાનો રાસ છે.

૩. સર્વે ગોપીયો આવી ધામધુમથી રાસમાં ભાગ લેવા આવેલી છે. જાણે કે ગુલ રૂપી પુષ્પોની કળીઓ વિકાસિત થઇ રહેલી હોય. તેની અંદર કુંજવિહારી શ્રીકૃષ્ણ ઘુઘરૂઓના તાલ અને રમક ઝમક પ્રમાણે બાબ બનાવે છે. એ પ્રમાણે કૃષ્ણકનૈયાજીનો રાસ રમાય છે.

અગર કિસિકો પકડે હય દેહે કિસિકો છોડ
યે દેખ દેખ કૃષ્ણકા આપસમેં તોડ જોડ
હરઆન ગોપીયોંકા યહી સુખ બિલાસ હય
દેખો બહારે આજ કનૈયાકી રાસ હય. ૪

નાચે હે ઇસ બહારસેં બનઠનકે નંદલાલ
સિરપર મુકુટ બિરાજે હય પોશાક તનમેં લાલ
હસતે હે છેડતે હે હરઇકકો દિખા જમાલ
સખીયોંકે સાથ દેખકે યે કહાનજીકા હાલ
હરઆન ગોપીયોકા યહી સુખ બિલાસ હય
દેખો બહારે આજ કનૈયાકી રાસ હય. ૫

હયરૂપ કૃષ્ણજીકા જો દેખો અજબ અનુપ
ઔ ઉનકે સાથ ચમકે હય સબ ગોપિયોંકા રૂપ
મહેતાબીયા છોટે હય ગોયા ખિલ રહી હૈ ધુપ
ઉસ રોશનીમેં દેખકે વો રૂપ ઔર સરૂપ
હરઆન ગોપીયોકા યહી સુખ બિલાસ હય

---

૪. કૃષ્ણ પોતે હાથ જોડી નાચી રહ્યા છે. કોઇને પકડે છે કોઇને છોડે છે. આ પ્રમાણે કૃષ્ણ અને ગોપીઓનો પરસ્પરનો તોડ જોડ થયાં કરે છે તેવાં આજ કનૈયાનો રાસ છે.

૫. આ પ્રમાણે બની ઠનીને ગોપીઓમાં નંદલાલ નાચે છે જેના માથાપર મુકટ બીરાજે છે અને શરીરે પરી જેણે લાલ પોશાક ધારણ કરેલો છે દરેકને હસે છે છંડે છે અને પોતાની વરણાગી બતાવીને શોભાવે છે. આ પ્રમાણે કહાનજીનો ગોપીઓ સાથેનો હાલ છે એવો કનયાનો રાસ છે.

દેખો બહારે આજ કનૈયાકી રાસ હય ૬

હસતી હુઇ જો ફિરતિ હય સાથ ઉનકે ગોપીયાં
હે ઉનમેં રાધા એસી કિ તારોંમેં ચંદ્રમા
કરતે હે કૃષ્ણજીસે હરેક આં આં બાન
આપસમેં ઉકે રમ્ઝવા ઇશારાત કરકે ધ્યાન
હરઆન ગોપીયોકા યહી સુખ બિલાસ હે
દેખો બહારે આજ કનૈયાકી રાસ હે. ૭

ઇસ શહેરમેં નઝીર જો બેકસ ગરીબ હે
રેહેતા હય મસ્ત હાલમેં અપને બગૈર મયે
સબકો કયા થા રાસમેં કુછ કરકે રાહતે
જાકર જો દેખતા હય તો હાં સચ હે કહકે જય
હરઆન ગોપીયોકા યહી સુખ બિલાસ હય
દેખો બહારે આજ કનૈયાકી રાસ હય ૮

સમાપ્ત.

---

૬. આજે આ રાસમંડળમાં કૃષ્ણજીનુ રૂપ અનુપમ બની ગયેલુ છે અને તેની સાથે બધી ગોપીયોનુ રૂપ ચમકે છે એવો આને કનૈયાનો રાસ છે.

૭. કૃષ્ણની સાથે હસતી ગોપીયો ફર્યા કરે છે જેની અંદર રાધાજી એવા શોભે છે કે તારાઓમાં જાણે ચંદ્રમા શોભતો હોય કૃષ્ણ દરેક ગોપીયો જોડે સુરતા લગાવી નૃત્ય કરે છે એવો આજ કનૈયાનો રાસ છે.

૮. મહાત્મા કવિ નઝીર કહે છે કે આ શેહરમાં જે ગરીબ છે તેમણુ કનૈયાનો રાસ જોઇને એમ કહેશે કે સત્ય છે શ્રી કૃષ્ણનો જય હો. શ્રી લક્ષ્મીપતિનો જય થાઓ.

[illegible] આપણોની [illegible] [illegible] સાથે [illegible]

મળી શકતાં ઉત્તમ પુસ્તકો [illegible]

ચરિત્ર.	કિંમત.
[illegible]	
ઉત્તરચરિત્ર, [illegible]	૧–૮–૦
[illegible]	૦–૩–૦
[illegible]	૦–૫–૦
[illegible]	૩–૦–૦
[illegible]	૧–૦–૦
[illegible]	૧–૮–૦

ઉત્તમ નોવેલો.

[illegible]	૦–૧૨–૦
[illegible] (માર્ગદર્શક પ્ર.)	૧–૦–૦
[illegible]	૦–૪–૦
[illegible]	૦–૧૨–૦
[illegible]	૦–૮–૦
[illegible] (ઉ૦ [illegible])	૧–૪–૦

ધાર્મિક પુસ્તકો.

[illegible]	૦–૬–૦
[illegible]	૦–૧–૦
[illegible]	૦–૫–૦
[illegible] ([illegible])	૦–૪–૦
[illegible]	૦–૧–૦
વિચાર [illegible]	૦–૪–૦
[illegible]	૦–૧–૦

સ્ત્રીઓને ઉપયોગી પુસ્તકો.

[illegible]	૦–૫–૦
[illegible]	૦–૩–૦
[illegible]	૦–૪–૦
[illegible]	૦–૪–૦
[illegible]	૦–૧–૦
[illegible]	૦–૪–૦
[illegible]	૦–૮–૦
[illegible]	૦–૨–૦
[illegible]	૧–૦–૦
[illegible]	૦–૪–૦

[illegible] અમારી [illegible]

[illegible] પુસ્તકો [illegible]

[illegible]

[illegible]—અમદાવાદ.